dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 200 | AD - 2025, Chaitra Vad- 12 | Friday, Dt.24-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પ્રધાનમંત્રી મોદીએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી

# આતંકવાદીઓને કલ્પના કરતા મોટી સજા મળશે : પ્રધાનમંત્રી મોદી

મધુબની,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના મધુબનીમાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમને સંબોધતા પહેલા, પીએમ મોદીએ પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકો માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું. પ્રધાનમંત્રીએ પહેલગામ આતંકવાદી હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું અને માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદીએ કહ્યું, જેમને આપણે ગુમાવ્યા તેમને સલામ. ભાષણ પહેલાં, પીએમ મોદીએ મૌન પાળીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી. કાશ્મીરથી કન્યાકુમારી સુધી આપણું દુઃખ અને ગુસ્સો સમાન છે. આ હુમલો ફક્ત નિઃશસ્ત્ર પ્રવાસીઓ પર જ થયો નથી. દેશના દુશ્મનોએ ભારતની શ્રદ્ધા પર હુમલો કરવાની હિંમત કરી છે. હુમલો કરનારા આતંકવાદીઓ અને કાવતરાખોરોને કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. સજા વહેંચવામાં આવશે. આતંકવાદીઓ પાસે જે કંઈ બાકી છે તેનો નાશ કરવાનો સમય આવી ગયો છે.



પાકિસ્તાનનું નામ લીધા વિના, પ્રધાનમંત્રીએ કહ્યું કે આતંકવાદી કાવતરું ઘડનારાઓને પણ કડક સજા મળશે. પાકિસ્તાનને કડક સંદેશ આપતાં પીએમએ કહ્યું કે કાવતરાખોરોને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા આપવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું કે પહેલગામમાં ભારતની આત્મા પર હુમલો કરવાની હિંમત બતાવવામાં આવી છે. હવે આપણે આતંકવાદીઓની બાકી રહેલી જમીનનો નાશ કરીશું. આતંકવાદીઓના બાકી રહેલા મેદાનોને જમીનદોસ્ત કરી દેવામાં આવશે - હું ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગુ છું કે આ હુમલો કરનારા આતંકવાદીઓ અને આ હુમલાના કાવતરાખોરોને તેમની કલ્પના કરતાં પણ ખરાબ સજા મળશે. હવે સમય આવી ગયો છે કે આતંકવાદીઓ પાસે જે કંઈ પણ નાનું-મોટું મેદાન બચ્યું છે તેનો નાશ કરવામાં આવે. આપણે આતંકવાદીઓને ઓળખીશું, તેમને શોધીશું અને તેમને મારીશું.

### આતંકવાદી હુમલાને લઈ સર્વપક્ષીય બેઠક યોજાઈ

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને કેન્દ્ર સરકારે કેટલાક મહત્ત્વના પગલાં ભર્યા છે. બુધવારે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા બાદ ગુરૂવારે વિદેશ મંત્રી એસ. જયશંકર અને ગૃહમંત્રી અમિત શાહ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથે મુલાકાત કરવા પહોંચ્યા હતા. આ ઉચ્ચસ્તરીય બેઠક સુરક્ષા સ્થિતિની ગંભીરતા અને આગામી રણનીતિઓ પર ચર્ચાને ધ્યાને રાખતા મહત્ત્વની મનાઈ રહી છે. ત્યારબાદ સાંજે સર્વદળીય બેઠક બોલાવાઈ હતી. જેની અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી હતી. સર્વદળીય બેઠકમાં અમિત શાહ, એસ. જયશંકર, કિરેન રિજિજૂ, મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, જેપી નડ્ડા, સપાના રામગોપાલ યાદવ, બીજૂ જનતા દળના સસ્મિત પત્રા, ડીએમકેના ત્રિચી શિવા, આપના સંજય સિંહ સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આ સાથે કેન્દ્રીય ગૃહ સચિવ, કેન્દ્રીય સંસદીય કાર્ય સચિવ, આઈબી ડાયરેક્ટર પણ હાજર રહ્યા હતા. સર્વદળીય બેઠકમાં પહેલગામ ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપતા બે મિનિટનું મૌન પળાયું હતું. બેઠકથી બહાર નીકળીને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દરેક એક્શન પર સરકારને અમારો સંપૂર્ણ સપોર્ટ છે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, તમામ પક્ષોએ હુમલાની નિંદા કરી છે. કાશ્મીરમાં શાંતિના પ્રયાસ પર ચર્ચા કરવામાં આવી હતી. સરકારને કોઈ પણ એક્શન માટે સમર્થન આપવામાં આવ્યું છે.

### ભારતીયોને પાકિસ્તાનની યાત્રા ન કરવાની સલાહ

# ભારતે આઈએનએસ સુરત યુધ્ધ જહાજ પરથી મિસાઈલ પરીક્ષણ કર્યું

ન્યુ દિલ્હી,તા.૨૪

પહેલગામ આતંકવાદી હુમલાને પગલે કેન્દ્ર સરકારે ગુરુવારે પાકિસ્તાની નાગરિકો માટે તાત્કાલિક અસરથી વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી હતી. એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તમામ પાકિસ્તાની નાગરિકોએ ભારત છોડવું પડશે કારણ કે ૨૭ એપ્રિલથી તેમના વિઝા રદ કરવામાં આવ્યા છે. જેમને મેડિકલ વિઝા મળ્યા છે તેઓએ




૨૯ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં ભારત છોડવું પડશે. વિદેશ મંત્રાલયે પણ ભારતીયોને પાકિસ્તાનની યાત્રા ન કરવાની સલાહ આપી છે. ભારતે ગુરુવારે બપોરે INS સુરત યુદ્ધ જહાજ પરથી મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. પરીક્ષણ સફળ રહ્યું હતું. સપાટીથી સમુદ્ર સુધી હુમલાનું પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. અગાઉ, ભારતના બદલાના ડરથી પાકિસ્તાને તા.૨૪-૨૫ એપ્રિલના રોજ કરાચી કિનારે તેના એક્સકલુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)ની અંદર તેના દરિયાકાંઠે સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઈલનું પરીક્ષણ કરવાની સૂચના જારી કરી હતી.

### પાકિસ્તાનને ભારતના હુમલાનો ડર, ફાઈટર જેટ કાર્યરત કર્યા

# ભારત જવાબી કાર્યવાહી કરશે તો !!! પાકિસ્તાને આખી રાત ભયમાં વિતાવી

કરાંચી,તા.૨૪

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, પાકિસ્તાની વાયુસેનાએ ૨૨ એપ્રિલ (ઘટનાના દિવસે) આખી રાત ભયના છાયામાં વિતાવી હતી. પાકિસ્તાન ભારત તરફથી બદલો લેવાના ભયનો સામનો કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આર્મી ચીફ અસીમ મુનીરે મંગળવારે સાંજે ત્રણેય સેનાના કમાન્ડરો સાથે બેઠક યોજી હતી. કરાચી એરબેઝથી



૧૮ ફાઈટર જેટ ભારતની સરહદ પર આવેલા એરફોર્સ સ્ટેશનો પર મોકલવામાં આવ્યા છે. આ સ્ટેશનો લાહોર અને રાવલપિંડીમાં છે. આ બધા ૧૮ જેટ ચીનમાં બનેલા JF-૧૭ હોવાનું બહાર આવ્યું છે. આર્મી ચીફ મુનીરને POK (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર)માં ભારત દ્વારા હુમલાનો ડર છે. અહીં લશ્કરના લોન્ચ પેડ્સ છે. આશરે ૭૪૦ કિમી લાંબી નિયંત્રણ રેખા (લાઈન ઓફ કંટ્રોલ) પર પાકિસ્તાની સેનાની તૈનાતી પણ વધારી દેવામાં આવી છે. પરંતુ પાકિસ્તાન માને છે કે ભારત દ્વારા હાલમાં કોઈ જમીની લશ્કરી કાર્યવાહી કરવામાં આવશે નહીં. પાકિસ્તાને તમામ ૨૦ કોમ્બેટ ફાઈટર જેટ સ્ક્વોડ્રનને હાઈ એલર્ટ પર રાખ્યા છે. આર્મી ચીફ મુનીરે બુધવારે કમાન્ડરોની બેઠક પણ યોજી હતી.




# છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાકર્મીઓ સાથે અથડામણમાં પાંચ નક્સલીઓ ઠાર



બીજાપુર,તા.૨૪

છત્તીસગઢના બીજાપુર સુરક્ષાકર્મીઓની ટીમે એક હજારથી વધુ નક્સલીઓને ઘેરી ઓપરેશન હાથ ધર્યું છે. આ એન્કાઉન્ટરમાં પાંચ નક્સલવાદીઓ ઠાર થયા છે. મીડિયા સૂત્રો અનુસાર, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આંતરરાજ્ય સરહદ પર કરેગુટ્ટા પહાડોના જંગલમાં સવારે સુરક્ષાકર્મીઓની ટીમે નક્સલવાદી વિરોધી અભિયાન હાથ ધર્યું હતું. જેમાં નક્સલવાદીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે અથડામણ થઈ હતી. સૂત્રો અનુસાર, છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાકર્મીની ટીમે અત્યાર સુધીમાં હાથ ધરેલા સૌથી મોટા ઓપરેશનમાં ૧૦૦૦થી વધુ નક્સલવાદીઓને ઘેર્યા છે. આ ઓપરેશનમાં છત્તીસગઢ, તેલંગાણા અને મહારાષ્ટ્રના ૨૦,૦૦૦ જવાનો સામેલ છે. સુરક્ષાકર્મીની ટીમે હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં બીજાપુરના પહાડ પર કોંક્રિટ સ્લેબથી બનેલા બંકરને ઘેર્યું હતું. જેમાં ૧૨ નક્સલવાદીઓ હોવાની બાતમી મળી હતી. આ બંકરને ઉડાવી દેવામાં આવ્યું છે. આ ઓપરેશન સીઆરપીએફના સ્પેશિયલ યુનિટ કોબ્રા(કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન)ની ૨૦૮મી બટાલિયન જીદપલ્લી શિબિર દ્વારા હાથ ધરાયું હતું. તેમણે જણાવ્યું કે, એક ઠેકાણે ૧૬૦ સ્કવેર ફૂટનું બંકર હતું, જેના પર કોંક્રિટનો સ્લેબ હતો. ત્યાંથી છ સોલાર પ્લેટ, બે નક્સલીઓની વર્દી, બે પંખા અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી છે.










# અમરેલી નજીક દેવળીયા ગામ પાસે વાહનની અડફેટે સિંહણનું મોત

**અકસ્માત સર્જનારની વનવિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી**

અમરેલી,તા.૨૪

અમરેલી તાલુકામાં શેત્રુંજી પુલ અને દેવળીયા ગામના પાટિયા વચ્ચે વહેલી સવારે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની હતી. રોડ ક્રોસ કરતી વખતે એક સિંહણને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતાં સિંહણનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.




સ્થાનિક લોકોએ આ ઘટનાની જાણ વન વિભાગને કરતાં વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સિંહણના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખસેડવામાં આવ્યો હતો. લીલીયા શેત્રુંજી વન વિભાગે પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી.

વન વિભાગની અલગ-અલગ ટીમો અકસ્માત સર્જનાર વાહન ચાલકની ઓળખ માટે તપાસ કરી રહી છે. હાઈવે પરના સીસીટીવી ફૂટેજની તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

# ધારી-ચલાલા રોડ પર સરકારી ગાડીએ ભાર રીક્ષાને અડફેટે લેતા બે ઘાયલ

અમરેલી,તા.૨૪

ધારી-ચલાલા રોડ પર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જનાર વન વિભાગના એસીએફની ગાડી હોવાનું જાણવા મળ્યુ છે. સરકારી ગાડી આટલી પૂરપાટ ઝડપે ચાલતી હોવાથી લોકોમાં રોષ ફેલાયો છે. પૂરપાટ ઝડપે આવીને એક છકડો રીક્ષાને અડફેટે લીધી હતી. અકસ્માતમાં રીક્ષા ચાલક જીરા ગામના જગાભાઈ અને મૂંજાણીયા ગામના હસુભાઈ જાદવભાઈ દેસાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. બંને ઘાયલોને પ્રથમ ધારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. પગના ભાગે ગંભીર ઈજાઓ થવાને કારણે બંનેને વધુ સારવાર માટે અમરેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટના બપોરના સમયે બની હતી



જ્યારે છકડો રીક્ષા રોડ ક્રોસ કરી રહી હતી. અકસ્માતના કારણે રીક્ષા પલટી ગઈ હતી અને આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. થોડા સમય માટે વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ એસીએફની ગાડી હોવાથી એસીએફ દિપક ચૌધરીને ફોન કરવા છતાં તેમણે ફોન ઉપાડવાની તસ્દી લીધી નહોતી. અત્રે નોંધનીય છે કે, કોઈ બાઈક કે અન્ય કોઈ વાહન પૂરપાટ ચલાવતા હોય તો પોલીસ તેની સામે કડક કાર્યવાહી હાથ ધરે છે પરંતુ આ સરકારી ગાડી હોવાથી પોલીસ દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નહોતી.

# પી.એમ.કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતોએ ફાર્મર રજિસ્ટ્રી હેઠળ નોંધણી કરાવવી

અમરેલી, તા.૨૪

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી. મળશે. રાજ્યમાં પી.એમ.કિસાન યોજનામાં પાત્રતા ધરાવતા ખેડૂતોની ફાર્મર આઈ.ડી.ની નોંધણી ફરજિયાત છે. ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ https://gjfr.agristack.gov.in/farmer-registry-gj/#/ વેબસાઈટ પર ખેડૂતો ઘરબેઠાં જાતે અથવા નજીકના CSC સેન્ટર પરથી રજિસ્ટ્રેશન થઈ શકશે. આ બાબતે ખેડૂતોએ આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને ૮-અ નકલ, ૭-૧૨ નકલની વિગત સાથે વધુ વિગતો માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વિ.સી.ઈ.) અને શહેરી વિસ્તારમાં સીટી તલાટીનો સંપર્ક કરી ડેટા એન્ટ્રી ઓપરેટર મારફતે રજિસ્ટ્રેશન કરાવવું.

# વડીયાના બિસ્માર રસ્તા માટે ગ્રામ પંચાયત સભ્યની નાયબ મુખ્ય દંડકને રજૂઆત

વડીયા,તા.૨૪

અમરેલી જિલ્લાના વડીયા ગામના કૃષ્ણપરા વિસ્તારના બિસ્માર રસ્તાને તાત્કાલિક બનાવવા માટે વડીયા ગ્રામ પંચાયતના સભ્ય ડોડિયા જુનેદે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખીને રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, વોર્ડ નંબર ૬માં હવેલી શેરી, ભરવાડ શેરી અને આંગણવાડી પિપળીયા નાકા પાસેનો રસ્તો અત્યંત ખરાબ હાલતમાં છે અને તૂટી ગયો છે. હવેલી શેરીમાં રામ મંદિર અને કૃષ્ણ ભગવાનનું મંદિર હોવાથી દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. ચોમાસામાં વરસાદ અને ગટરનું પાણી ભરાવાના કારણે રસ્તા પર ખાબોચિયાં સર્જાય છે, જેના લીધે લોકોને ચાલવામાં મુશ્કેલી પડે છે અને મચ્છરજન્ય રોગ ફેલાવાની શક્યતા રહે છે.

આંગણવાડી પાસે તો ગટરનું પાણી ૨૪ કલાક ભરાયેલું રહે છે, જ્યાં નાના બાળકો ગંદકીમાં અભ્યાસ કરે છે, જેનાથી તેમના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડી શકે છે. ડોડિયા જુનેદે ૨૦૧૫ની વડીયા હોનારત બાદ રસ્તા વધુ ખરાબ થયા હોવાનું જણાવ્યું છે. તેમણે ગ્રામ પંચાયતમાં વારંવાર રજૂઆત કરવા છતાં સરકાર તરફથી ગ્રાન્ટ ન હોવાનું કારણ આપવામાં આવ્યું છે. આથી તેમણે નાયબ મુખ્ય દંડકને આ વિસ્તારમાં બ્લોક રોડ માટે તાત્કાલિક ગ્રાન્ટ ફાળવીને પ્રશ્નનું નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો. આ પત્રની નકલ વડીયાના સરપંચને પણ મોકલવામાં આવી છે.

# તોરી પે સેન્ટર શાળાનાં આચાર્યની બદલી થતા વિદાયમાન અપાયું

અમરેલી,તા.૨૪



વડીયા તાલુકાના તોરી ગામે આવેલી બી. વી. કોટડીયા પે સેન્ટર શાળાનાં આચાર્યની તેમના વતનમાં બદલી થતા તેમને વિદાયમાન આપવામાં આવ્યુ હતું. આ પ્રસંગે અ.જી.મ.સ. બેન્કના અધિકારી ભુપતભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ શિક્ષકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં આઝાદ યુવક મંડળના પ્રમુખ વિનુભાઈ કોટડીયા ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સાબલપરાભાઈએ કર્યુ હતું.

# ક્રાઈમના ગુનામાં છ માસથી નાસતો ફરતો આરોપી રાજુલા પોલીસના હાથે ઝડપાયો

રાજુલા,તા.૨૪

રાજુલા પોલીસ સ્ટેશનની ટીમે મોટી સફળતા હાંસલ કરી છે. ટીમે આણંદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઓનલાઈન ફ્રોડ તથા આઈ.ટી. એક્ટના ગુનામાં છેલ્લા છ મહિનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો છે. રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર



એ.ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળ કાર્યરત સર્વેલન્સ ટીમે ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે આરોપી જગદીશભાઈ શંભુભાઈ જોગાણી (ઉ.વ.૪૨, ધંધો-વેપાર, રહે.હાલ સુરત, મૂળ-વાવેરા તા.રાજુલા જિ.અમરેલીને સુરતથી ઝડપી પાડ્યો છે. આરોપી પોતાની ધરપકડ ટાળવા માટે છેલ્લા છ મહિનાથી નાસતો ફરતો હતો.

# અમરેલી શહેર ભાજપ મહામંત્રી તરીકે રાકેશ સાવલીયાની વરણી

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લા ભાજપ દ્વારા અમરેલી શહેર ભાજપ નવનિયુક્ત ટીમની જાહેરાત કરવામાં આવી છે. અમરેલી શહેર ભાજપનું સંગઠન વધુ મજબુત તે માટે શહેર ભાજપ મહામંત્રી તરીકે રાકેશભાઈ લાલજીભાઈ સાવલીયાની વરણી કરવામાં આવી છે. તેમણે ભાજપના સામાન્ય કાર્યકર તરીકે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. ભાજપમાં રહી



પક્ષને વધુ મજબુત બનાવવાનું કામ કર્યું છે ત્યારે શહેર ભાજપ મહામંત્રી તરીકે રાકેશભાઈ સાવલીયાની વરણી થતા તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# 'સંજોગ ન્યૂઝ'ની અસર : વીજપડીમાં ખુલ્લા ફ્યુઝ બોક્સ બદલાયા

સા.કુંડલા, તા.૨૪

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ખુલ્લા ફ્યુઝ અને પેટી અંગે 'સંજોગ ન્યૂઝ' દ્વારા અહેવાલ પ્રસિદ્ધ થતાં, તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નાયબ ઈજનેર એચ.સી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ તેમની ટીમે યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ



કરી છે. બંને ટ્રાન્સફોર્મર નીચે નવી પેટીઓ ફીટ કરવામાં આવી છે અને નવા ફ્યુઝ નાખવામાં આવ્યા છે. વીજતંત્રની સરાહનીય કામગીરીથી ગ્રામજનોએ રાહત અનુભવી છે.

# ગજેરા કેમ્પસ ખાતે વિશ્વ પુસ્તક દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી

અમરેલી,તા.૨૪

અમરેલીમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે સ્ટાફ દ્વારા વિશ્વ પુસ્તક દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી અને તમામ વિભાગના સુપરવાઈઝરો, પ્રિન્સિપાલ દ્વારા દીપ પ્રાગટ્ય



કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. બાલમંદિર થી ઉચ્ચતર માધ્યમિક વિભાગ, જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પુસ્તક દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિશ્વના અને અમરેલી જિલ્લાના મહાન કવિ, લેખક વગેરેને યાદ કરાયા હતા. તમામ વિભાગમાંથી બે શિક્ષકોની ચિઠ્ઠી દ્વારા પસંદગી કરવામાં આવી અને તેઓ પોતે વાંચેલા પુસ્તકના પ્રારંભ પ્રસંગને અનુરુપ ઉત્સાહિત કરે અને શ્રોતાઓને વાંચવા પ્રેરે તેવું પાંચ મિનિટ વક્તવ્ય કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલાના ઉતાવળા હનુમાન મંદિરે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલા ખાતે આવેલા પ્રસિદ્ધ ઉતાવળા હનુમાન મંદિરના પટાંગણમાં તા. ૨૩-૪-૨૫ ના રોજ સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન નિયામક-આયુષની કચેરી, ગુજરાત રાજ્ય અને જિલ્લા આયુર્વેદ અધિકારી -અમરેલીના માર્ગદર્શન



હેઠળ તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંચાલિત ડોક્ટર હેડગેવાર સેવા સમિતિ સાવરકુંડલાના સહયોગથી સરકારી આયુર્વેદ દવાખાનું ઘોબા દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિનામૂલ્યે નિદાન કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. જેમાં ડૉ. દેવેન્દ્ર ચૌહાણ અને ડૉ. કૌશલ ગોંડલિયાએ પોતાની સેવાઓ આપી હતી. આ ઉપરાંત ડોક્ટર હેડગેવાર સેવા સમિતિમાંથી કૌશિકભાઈ બોરીસાગર, વિનાયકભાઈ પરમાર, દિલીપભાઈ રાઠોડ અને ભરતભાઈ ચાવડાએ પણ સહયોગ પૂરો પાડ્યો હતો.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



Hero

VIDA V2 ઇલેક્ટ્રિક સ્કૂટર પર ₹20,000* સુધીના લાભો

શુભ આરંભ માટે તૈયાર રહો



આ અખા ત્રિજ તમારા માટે ખુશીઓ લાવે!

VIDA V2 ઇલેક્ટ્રિક સ્કૂટર સાથે નવી શક્યતાઓ ખોલો અને દરેક સફરને ભાગ્યશાળી બનાવો.

કિંમત ફક્ત ₹85,000* થી શરૂ થાય છે.

ઉતાવળ કરો, આ ઑફર્સ 30 એપ્રિલના રોજ સમાપ્ત થાય છે!

Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz



મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### અમરેલીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા

# વાર્ષિકોત્સવ "ઉલ્લાસ (૩.૦)-૨૦૨૫"ની ઉજવણી

અમરેલી, તા.૨૪

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ – અમરેલી સંચાલિત શાળાઓનો વાર્ષિકોત્સવ "ઉલ્લાસ (૩.૦)-૨૦૨૫" ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગરનાં કુલપતિ ટી.એસ.જોષીના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં સંપન્ન થયો હતો. આ ભવ્ય કાર્યક્રમમાં નગરની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ રંગારંગ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમના ઉદઘાટક તરીકે જિલ્લા વિકાસ અધિકારી પી.બી.પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઇ કાનાણી, પૂર્વ પ્રમુખ જિલ્લા યુવા મોરચો ભાજપ મુકેશભાઇ સંઘાણી, પ્રાંત અધિકારી મહેશ નાકીયા, નગરપાલિકા પ્રમુખ બિપિનભાઇ લીંબાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઇ સાવલીયા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી.ગોહીલ, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઇ





ચોટલીયા, નગરપાલિકા દંડક દિલીપભાઇ વાળા સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે તમામ શાળાઓનાં બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓનું સુંદર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દરેક બાળકની કલા અને પ્રતિભાને બિરદાવવા માટે તેઓને ઈનામો તેમજ શાળાઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, નિવૃત્ત થતા શિક્ષકોને વિદાયમાન આપવામાં આવ્યું હતું અને ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર શિક્ષકોને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા. તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને મેડલ અને ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ દરેક શાળાના તમામ ધોરણમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પણ મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકો માટે દાતા તરફથી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમાજના શ્રેષ્ઠીઓ, વેપારી અગ્રણીઓ, વકીલ મિત્રો, ડોકટરો, વિવિધ રાજકીય અને સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ, વાલીઓ, પત્રકાર મિત્રો અને દાતાઓએ પણ હાજર રહીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, સમિતિનાં સભ્યો, આચાર્યો, શિક્ષકો અને ઓફિસ સ્ટાફની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલાના ટીડીઓની કિન્નાખોરીથી થયેલી બદલીને અટકાવવા માંગ

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલા તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા કે.પી. પરમારની તાજેતરમાં રાજકીય કિન્નાખોરી રાખી બદલી થતાં એક જાગૃત નાગરિક દ્વારા તેમને ફરીથી એ જ સ્થાને નિમણૂક આપવા માગણી કરી છે. આ જાગૃત નાગરિકના જણાવ્યા મુજબ, ગ્રામ્ય વિસ્તારના સાચા અને સારા કાર્યકરો કે.પી. પરમારની સેવાને યાદ કરે છે. તેમના જણાવ્યા પ્રમાણે ટીડીઓ પરમાર નોન કરપ્ટેડ હતા. તેઓ ગામડાઓમાં સતત અચાનક ચેકિંગ કરતા હોવાથી મંત્રીઓમાં ફફડાટ ફેલાયો હતો. તેમણે મંત્રીઓની ફરજમાં બેદરકારીને ધ્યાનમાં રાખીને તેમની સામે કડક પગલાં લીધા હોવાથી કર્મચારીઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. આથી કેટલાક કર્મચારીઓ અને ચૂંટાયેલા પદાધિકારીઓને ટીડીઓ પરમાર ખટકતા હતા. આથી તેમની બદલી કરાવીને સાવરકુંડલાની જનતાને મોટું નુકસાન કરેલ છે.

## પીએસએસ યોજના હેઠળ સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાયો

**માર્કેટ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણીના હસ્તે શુભારંભ કરાયો**

સાવરકુંડલા, તા.૨૪

ભારત સરકારની પીએસએસ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ સાવરકુંડલા માર્કેટ યાર્ડ ખાતે



કરવામાં આવ્યો હતો. આ ખરીદી સેન્ટર સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ શુભારંભ સાવરકુંડલા માર્કેટ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણીના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજકોમાસોલના પ્રતિનિધિ હરપાલભાઇ વાળા, સાવરકુંડલા તાલુકા સંઘના મેનેજર રાજુભાઈ માલાણી, સાવરકુંડલા માર્કેટ યાર્ડના સેક્રેટરી જતીનભાઈ માલાણી અને તાલુકા સંઘના ખરીદીના પ્રતિનિધિ સતિષભાઈ મહેતા તેમજ મજૂર એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં આજે વિશ્વ મેલેરિયા દિવસે જનજાગૃતિ રેલીનું આયોજન

**આ રેલીમાં સહભાગી થઈ રેલીને સફળ બનાવવા આરોગ્ય તંત્ર દ્વારા અનુરોધ કરાયો**

અમરેલી, તા.૨૪

અમરેલી તાલુકા હેલ્થ કચેરી દ્વારા આજરોજ "વિશ્વ મેલેરિયા દિવસ" ની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીના ભાગરૂપે લોકોમાં મેલેરિયા અંગે જાગૃતિ લાવવા માટે એક આરોગ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી આજે તા.૨૫ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે જિલ્લા પંચાયત કચેરી, અમરેલીના કમ્પાઉન્ડથી શરૂ થશે.

રેલી નાના બસ સ્ટેન્ડ, મોટા બસ સ્ટેન્ડ થઈને તાલુકા હેલ્થ કચેરી, અમરેલીના કમ્પાઉન્ડમાં પૂર્ણ થશે. આ રેલીમાં સહભાગી થઈ રેલીને સફળ બનાવવા અનુરોધ કરાયો છે.

## મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં બાળલગ્ન પ્રતિબંધ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૪

અમરેલીમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે મહિલા વિકાસ મંડળ-અમરેલી દ્વારા તા.૧૭/૦૪/૨૦૨૫ને ગુરુવારના રોજ 'બાળલગ્ન પ્રતિબંધ ધારો-૨૦૦૬' અંતર્ગત એક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે પ્રોબેશન



અધિકારી રેખાબેન માંડલિયા અને એકાઉન્ટન્ટ ક્રિષ્નાબેન જેઠવા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રેખાબેન માંડલિયાએ વિદ્યાર્થિનીઓને બાળલગ્ન પ્રતિબંધ ધારો-૨૦૦૬ અંગે અને તે અંગેના વિવિધ કાયદા-કાનૂન અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાઈસ પ્રિન્સિ. ડો. વેલિયતે કાર્યક્રમની રુપરેખા આપી હતી અને ઉપસ્થિત વક્તાઓનું સ્વાગત કર્યુ હતું. આભાર દર્શન અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા.જૈમિનભાઈ જોશીએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ વિદ્યાર્થિનીઓ અને સ્ટાફ મેમ્બર્સનો સહયોગ પ્રાપ્ત થયો હતો.


## બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા ચાલતી રામકથામાં આતંકી હુમલામાં મોતને ભેટેલાઓને શ્રધ્ધાંજલિ

અમરેલી, તા.૨૪

બ્રહ્માકુમારીઝ જેસીંગપરા ખાતે રામકથાની શરૂઆતમાં જમ્મુ કાશ્મીરના પહેલગામમાં ૨૭ યાત્રીઓને ગોળી મારી હત્યા કરાતા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, બ્રહ્માકુમારીઝના દીદીઓ તથા ભાજપ હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં લોકોએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. જેસીંગપરા ખાતે ત્રિદિવસીય



રામકથાના બીજા દિવસે કથાની શરૂઆતમાં જ જમ્મુ કાશ્મીરના પહેલગાવમાં ૨૭ યાત્રીઓને ગોળી મારી હત્યા કરાતા આ સદ્‌ગત આત્માઓને નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, મહામંત્રી રાકેશભાઈ સાવલિયા, યોગેશભાઈ ગણાત્રા, ચેરમેન સંદિપભાઈ માંગરોળીયા, બ્રહ્માકુમારીઝ સંસ્થાના કથાકાર બ્ર.કુ. કિંજલદીદી, બ્ર.કુ. તૃપ્તિદીદી, બ્ર.કુ અર્ચનાદીદી, કથાના મુખ્ય યજમાન બ્ર.ક. જયંતિભાઈ પટોળીયા, ભાજપ ઉપપ્રમુખ ધર્મેશભાઈ અજાણી, સંજયભાઈ માલવીયા, દિવ્યેશ વેકરીયા, વિપુલ પટોળીયા, ચેતન બોદર અને મેહુલ લેહરી તથા કથામાં ઉપસ્થિત ૬૦૦ ભાવિકોએ હાથમાં મીણબત્તી લઈ સદ્‌ગત આત્માઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.


AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444

For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator

Buy Online at: www.voltas.com

Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator

Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455 For product registration, SMS <WTA> to 9829525321 Buy only genuine Voltas stabilizers.

Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪



**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 012

**સંકુલ ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ – કોલેજ શીફ્ટ**

| | |
|---|---|
| ★ ધો. ૧ થી ૧૦ GSEB સવાર | ★ BA(Psy-Soc-Eng) કોલેજ બપોર - GM |
| ★ ધો. ૧ થી ૧૦ ICSE સવાર | ★ B.Com.(EM - GM) કોલેજ બપોર |
| ★ ધો. ૧૧ – ૧૨ EM કોમર્સ સવાર | ★ BBA કોલેજ બપોર |
| ★ ધો. ૧૧ – ૧૨ EM સાયંસ સવાર | ★ BCA કોલેજ સવાર |
| ★ પ્રિ. સ્કૂલ – EM સવાર | ★ B.Sc(માઈક્રો – BT) કોલેજ સવાર |
| ★ પ્રિ. સ્કૂલ – GM બપોર | ★ જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ સવાર - GM |



**અમરેલી જિલ્લા વિદ્યાસભા**

**GCAS રજીસ્ટ્રેશન શરૂ છે...**

GCAS Free Form Filling Center અને GCAS Verification માટે નીચે આપેલ કોલેજોનો રૂબરૂ સંપર્ક કરવો

૧) કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ
૨) કે.કે.પારેખ કોમર્સ કોલેજ
૩) માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ
૪) મણીબા ગજેરા ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સીંગ

વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી-૩૬૫૬૦૧


### અવસાન નોંધ

**કરમદિયા**

જમનાબેન સુખદેવભાઈ બારૈયા (ઉ.વ.૮૦)નો તા.૨૨/૪ને મંગળવારે સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ.સુખદેવભાઈ મોહનભાઈ બારૈયાના પત્ની, બળવંતભાઈ સુખદેવભાઈ બારૈયા, અરવિંદભાઈ સુખદેવભાઈ બારૈયા, જાની ભાવનાબેન ઘનશ્યામભાઈ (કરમદીયા)ના માતૃશ્રી, સ્વ.ઘનજીભાઈ કસળાભાઈ બારૈયાના ભત્રીજાના ઘરના સ્વ. ભાણજી લક્ષ્મીરામ બારૈયા, કુરજી લક્ષ્મીરામભાઈ બારૈયા, ધીરાભાઈ લવજીભાઈ બારૈયા, રેવાશંકરભાઈ ત્રિભોવનભાઈ બારૈયાના ભાભી, ગોપાલ, રુદ્ર, નિમિષા, મિત્તલ, અર્પિતા, ગાયત્રી, જલ્પા, દયાના દાદી, જાની ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ (કરમદીયા)ના સાસુ, ટીમાણા નિવાસી પંડયા જદુરામભાઈ ભલાભાઇ, ત્રીમભાઈ ભલાભાઈ, વજેરામભાઈ ભલાભાઈ, નાનજીભાઈ ભલાભાઈના બેન, લાધવા જીવરામભાઇ રેવાશંકરભાઈ, સ્વ.મણિશંકર માવજીભાઈ, પૂર્ણશંકરભાઈ ગોરધનભાઈ (કરમદિયા)ના ભાણેજ થાય છે. તેમના સુવાળા તા.૨૪/૪ને ગુરુવારે રાખેલ છે. બેસણું તા.૨૫/૪, ૨૬/૪ શુક્ર અને શનિવાર બે દિવસ બેસણું તેમના નિવાસસ્થાને રાખેલ છે. બાવળો ખરખરો સાથે રાખેલ છે.


**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**પાઇપલાઇન વ્યવસ્થા સાથે ઓવરહેડ ટાંકીઓ પૂરી પાડવી**

**ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/ 2025-2026/05 (EL) તા. 22.04.2025; ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001; **વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; (1) ટેન્ડર નં. DRM/RJT/EL/2025-2026/05; (i) કામનું નામ:** રાજકોટ વિભાગ:- સુરેન્દ્રનગર (2.5 લાખ લિટર), મોરબી (1 લાખ લિટર), ભાટિયા (1 લાખ લિટર) અને વાંકાનેર (1 લાખ લિટર) ખાતે પાઇપલાઇન વ્યવસ્થા સાથે ઓવરહેડ ટાંકીઓ પૂરી પાડવી.; **(ii) અંદાજિત ખર્ચ:** ₹ 17,97,480/-; **(iii) EMD ની રકમ:** ₹ 36,000/-; **(iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય:** તા. 22.05.2025 ના 15:00 કલાક સુધી. 013

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**નિત્યા સ્કીન ક્લિનીક**

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

**ઉપલબ્ધ સારવાર**

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

**ઉપલબ્ધ સારવાર**

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# અમરેલી શહેર ભાજપની નવનિયુક્ત ટીમે ધારાસભ્ય, સાંસદ, જિલ્લા પ્રમુખની મુલાકાત લીધી

**શહેર ભાજપની ટીમ સાથે સંગઠન બાબતે ચર્ચા કરી**

અમરેલી,તા.૨૪



અમરેલી શહેર ભાજપની નવનિયુક્ત ટીમે અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી તથા અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરજીયા તથા મુખ્ય નાયબ દંડક તથા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તથા અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા તથા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સાથે જિલ્લા પંચાયતના ચેરમેનની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ તકે અમરેલી શહેર ભાજપના પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, મહામંત્રી રાકેશભાઈ સાવલિયા, ઉપપ્રમુખ મૌલિકભાઈ ઉપાધ્યાય, દેવરાજભાઈ બાબરીયા, વર્ષાબેન મકવાણા મંત્રીઓ પંકજભાઈ સોલંકી, વિમલગીરી ગોસાઈ, ડાયાભાઈ મકવાણા, આરતીબેન અટારા, કિરણબેન પડાયા, રેખાબેન પરમાર, કોષાધ્યક્ષ પ્રવિણાબેન રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા.

# જાફરાબાદ તાલુકાના ટીંબી માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે ચણા ખરીદીનો શુભારંભ

જાફરાબાદ, તા. ૨૪



જાફરાબાદ તાલુકાના ટીંબી માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે ચણાની ખરીદીનો શુભારંભ થયો હતો. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તથા માર્કેટ યાર્ડનાં પ્રમુખ ચેતનભાઈ શિયાળના માર્ગદર્શન હેઠળ તા.૨૩/૪/૨૦૨૫ ને બુધવારનાં રોજ જાફરાબાદ તાલુકાના ગામો માટે સરકાર દ્વારા ટેકાના ભાવે ચણા ખરીદીનો શુભારંભ થયો હતો. જેમાં ઘનશ્યામભાઈ સોજીત્રા તથા ઘનશ્યામભાઈ સાવલીયા અમરેલી જિલ્લા સહકારી સંઘ ઉપાધ્યક્ષ તેમજ ડિરેક્ટર વનરાજભાઈ વરુ તથા જાફરાબાદ તાલુકા ભાજપના પ્રમુખ કુલદીપભાઈ વરુ તેમજ પ્રકાશભાઈ વરુ તથા રમેશભાઈ તથા આજુબાજુના ગામડાઓમાંથી પધારેલા સરપંચો તથા ગુજકોમાસોલના અધિકારી નીરવભાઈ હાડા અને પત્રકાર એકતા પરિષદનાં પત્રકાર ડી.ડી. વરુ અને જુનેદભાઈ મન્સૂરી તેમજ તમામ ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વાડીના ઝાંપા પાસેથી પાંચતલાવડા ગામના ખેડૂતના બાઈકની ઉઠાંતરી

**વાહનની કિંમત રૂ.૧૫૦૦૦ જાહેર થઈ**

દામનગર, તા. ૨૪

પાંચતલાવડા ગામના ખેડૂતના રૂપિયા ૧૫૦૦૦ની કિંમતના મોટર સાયકલની વાડીના ઝાંપા પાસેથી ચોરી થઈ હતી. બનાવ અંગે મુકેશભાઈ પોપટભાઈ માંગુકીયા (ઉ.વ.૪૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૦૩/૦૪/૨૫ના રોજ સાંજના આશરે પાંચ વાગ્યાથી છ વાગ્યા સુધીમાં શાખપુર-દામનગર રોડે આવેલ ભીખાભાઈ રામજીભાઈ વઘાસીયા રહે.પાંચતલાવડા તા.લીલીયા વાળાની વાડીના ઝાંપા પાસે બહારના ભાગેથી તેમના બાઈકની ચોરી થઈ હતી. વાહનની કિંમત ૧૫૦૦૦ જાહેર થઈ હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.આર. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા બ્રહ્મસમાજ દ્વારા શોભાયાત્રા અને ભોજન કાર્યક્રમ રદ

**ભગવાન પરશુરામની આરતી, અને દિવંગત આત્માની શાંતિ માટે મહાઆરતી યોજાશે**

અમરેલી,તા.૨૪



પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૭ નિર્દોષ લોકોના મોત થતા સમગ્ર દેશમાં આક્રોશ ફેલાયો છે ત્યારે અમરેલી જિલ્લા બ્રહ્મસમાજ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમરેલી જિલ્લા સમગ્ર બ્રહ્મસમાજ દ્વારા અમરેલી શહેરમાં આ વર્ષે પરશુરામ જયંતીના દિવસે યોજવામાં આવનાર શોભાયાત્રા તેમજ અન્ય કાર્યક્રમો રદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. તેમજ અમરેલી જિલ્લા બ્રહ્મસમાજનાં તાલુકા ઘટકોને પણ શોભાયાત્રા અને ભોજનનો કાર્યક્રમ રદ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. પરશુરામ જયંતીના દિવસે પરશુરામ ભગવાનની પૂજા-આરતી, બપોરે ૧૨:૦૦ વાગ્યે છપ્પનભોગ આરતી, સાંજે ૭:૦૦ કલાકે દિવંગત આત્માની શાંતિ માટે સર્વે હિન્દુ સમાજ, સાધુ-સંતો તથા તમામ આગેવાનોને સાથે રાખી મહાઆરતીરૂપે શ્રધ્ધાંજલિ આપવામાં આવશે. જેથી નિર્દોષ લોકો માટે યોજનાર શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં પધારવા જિલ્લા બ્રહ્મસમાજ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# છેલણા ગામે વાડીના ઝૂંપડામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૫ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૨૪

છેલણા ગામે વાડીના ઝૂંપડામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૫ બોટલ ઝડપાતા ચકચાર મચી ગઈ હતી. છગનભાઈ ભગવાનભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫) હવાલાની વાડીના ઝૂંપડામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૫ બોટલ સાથે ઝડપાયા હતા. તેમણે આ બોટલો ઉનાના મોઠા ગામના ભરતસિંહ રાજાભાઈ પરમાર પાસેથી ખરીદી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ૩૮૨૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નાગેશ્રી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. આર. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે. શિયાળબેટના મઢી વિસ્તારમાંથી એક મહિલા પાસેથી ૩ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૯ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા.

**બેફામ ચાલતા વાહનો કોઈનો જીવ લેશે, પોલીસ કડક કાર્યવાહી કરે તેવી માંગ**

# જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના: કોઈ જાનહાનિ નહીં

**ચરખડીયા ગામ પાસે એસટી - ફોર વ્હીલની ટક્કર**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના બની હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. રાજુલામાં રહેતા ગુણવંતભાઈ દીનકરભાઈ ભરાડ (ઉ.વ.૪૦)એ અજાણ્યા મોટર સાયકલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ હિડોરણા ગામે ભરતભાઈ બોરીચાના ડેલાની સામે ભુતડાદાદાના મંદિરથી મારૂતી સુઝુકીના શો રૂમ તરફ પગે ચાલીને રોડ ક્રોસ કરતા હતા તે દરમિયાન હિડોરણા ગામ તરફથી રાજુલા તરફ આવતા અજાણ્યા મોટર સાયકલ ચાલકે તેમને ટક્કર મારી હતી. જેમાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો.

રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.બી. મહેરા વધુ તપાસ કરી રહ્યા છે. અકસ્માતના બીજા બનાવમાં ખાંભાના મોટા સમઢીયાળા ગામે રહેતા ભાભલુભાઈ મંગળુભાઈ વાળા (ઉ.વ.૪૮)એ જીજે-૦૩-એમઆર-૪૪૧૮ના ચાલક વનરાજસિંહ જાડેજા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ અમરેલીથી સરકારી એસ.ટી. બસ નં.GJ-૧૮-ZT-૧૧૫૭ નું રીપેરીંગ કામ કરાવી પરત સાવરકુંડલા આવતા હતા. આ સમયે ઓળીયા ગામથી આગળ ચરખડીયા પાસે પહોંચતા સામેથી ફોર વ્હીલ નં.GJ-૦૩-MR-૪૪૧૮ ના ચાલકે રોંગ સાઈડમાં આવીને સરકારી એસ.ટી બસની સાથે ભટકાવી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એ. બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાપાળિયા ગામમાં યોજાનારા ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી માટે બેઠક

અમરેલી,તા.૨૪



અમરેલીના લાપાળિયા ગામે તા.૧૩/૦૧/૨૨ના પૂજારી હરિરામબાપુના મંડપ વખતે યોજાયેલી સંતસભામાં મોરારીબાપુએ તેમના દીકરા ધર્મેશબાપુને મંદિર વિશે પૂછ્યું હતું કે આ મંદિર કેટલા વર્ષ જૂનું છે? ૮૦ વર્ષ સુધી આ મંદિરની સેવા કરનારા હરિરામબાપુને વિશેષ રીતે યાદ કરીએ અને આ મંદિરના નવનિર્માણ માટે ચિત્રકૂટ તલગાજરડા ધામ તરફથી તુલસીપત્ર હું આપું તેમ કહીને રૂ. સવા લાખના સૌ પ્રથમ દાનની જાહેરાત કરી હતી. આ પછી દોઢ કરોડના ખર્ચે ભવ્ય રામજી મંદિરનું નવનિર્માણ થયું છે. આગામી તા. ૨૯થી ૧ સુધી મંદિરના ભવ્ય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૨૫-૦૪-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૬,
સૂર્યાસ્ત-૦૬:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાભાદ્રપદ

## દૈનિક રાશિફળ

**તા.૨૫-૦૪-૨૦૨૫ શુક્રવાર**

મેષ: સ્વયં ઉપર વિશ્વાસ રાખવો જરૂરી છે. કાર્યક્ષેત્રમાં તમારું મેનેજમેન્ટ તથા કર્મચારીઓ સાથે યોગ્ય તાલમેલ જાળવી રાખીને કામની ગતિને વધારી શકાય છે.

વૃષભ: વ્યવસાયમાં કોઇ પ્રકારનું રોકાણ કરવાનું પ્લાનિંગ કરી રહ્યા છો તો સમય અનૂકૂળ છે. તમે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ અનુભવ કરશો.

મિથુન: પાડોસીઓ સાથે કોઇપણ વાતને લઇને બિલકુલ ન ગુંચવાશો. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. વ્યપારિક ગતિવિધિઓ હાલ ધીમી જ રહેશે.

કર્ક: ક્યારેક-ક્યારેક વધારે કામનો ભાર હોવાથી તણાવ તમારી ઉપર હાવી થઇ શકે છે. આજે કોઇને ઉધાર આપશો નહીં.

સિંહ: આજે કોઇ અધ્યાત્મિક ગતિવિધિમાં તમારો વિશેષ રસ રહેશે અને તેમાં સમય પણ પસાર થશે. કાર્યક્ષેત્રમાં તમારો સમય ઓછો પસાર થશે.

કન્યા: રૂપિયાની બાબતે કોઇના ઉપર વિશ્વાસ કરશો નહીં. તમારે તમારા વ્યવહારિક દૃષ્ટિકોણ અને ઉન્નત વિચાર દ્વારા કોઇ સફળતા પ્રાપ્ત થશે.

તુલા: કોઇ જૂની સમસ્યાનો ઉકેલ મળવાથી ખૂબ જ વધારે સુકૂન અનુભવ કરશો. પારિવારિક તથા વ્યવસાયિક જીવનમાં સારો તાલમેલ જળવાશે.

વૃશ્ચિક: સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આજે તમારા જીવનમાં કોઇ અજીબ ઘટના બની શકે છે. જેનો પોઝિટિવ પ્રભાવ તમારા વ્યક્તિત્વ ઉપર પડશે.

ધન: મિત્રો સાથે હરવા-ફરવામાં તમારો સમય ખરાબ ન કરો. લગ્ન સંબંધોમાં મધુરતા રહેશે. નજીકના સંબંધીઓ ઘરમાં આવી શકે છે.

મકર: તમારી ક્ષમતાથી વધારે દેવુ લેવાથી બચવું. વ્યવસાયમાં એક નિશ્ચિત રણનીતિ બનાવીને કામ કરવું જરૂરી છે.

કુંભ: બાળકોના કરિયરને લગતી કોઇ સમસ્યાનો ઉકેલ મળવાથી તણાવ દૂર થશે. શરદી અને વાયરલને લગતી પરેશાની થઇ શકે છે.

મીન: ક્યારેક અતિ આત્મવિશ્વાસ જ તમારી પરેશાનીનું કારણ બની શકે છે. પતિ-પત્ની વચ્ચે અહંકારને લઇને વિવાદ થઇ શકે છે.

# મોટા ઉજળા ગામથી અનિડા રોડ પર ટ્રેક્ટરની ટ્રોલી નીચે દબાઈ ગયેલા પુરુષનું સારવારમાં મોત

**ટ્રોલીમાં લોખંડના સળિયા ભર્યા હતા**

વડીયા, તા. ૨૪

મોટા ઉજળા ગામથી અનિડા રોડ પર ટ્રેક્ટર ચાલક ટ્રોલીમાં સળિયા ભરીને જતા હતા ત્યારે ટ્રેક્ટર પલટી ગયું હતું. જેમાં એક પુરુષ ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયો હતો. સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે અનિડા ગામના નાનજીભાઈ કડવાભાઈ ટોળીયા (ઉ.વ.૫૩)એ જાહેર કર્યા મુજબ, અનિડા ગામે રહેતા દિનેશભાઈ સાદુલભાઈ ટોળીયા (ઉ.વ.૪૧) પોતાના હવાલાવાળું મેસી ફરગ્યુસન ટ્રેક્ટર રજી.નં. જી.જે.-૦૨-બી.-૬૫૯૦ ની ટ્રોલીમાં લોખંડના સળીયા ભરી મોટી કુંકાવાવ ગામેથી અનિડા ગામે જતા હતા. આ સમયે મોટા ઉજળા ગામ તેમજ અનિડા ગામની વચ્ચે હિતેષભાઈ નારણભાઈ જીયાણીની વાડી સામે રોડ ઉપર પહોંચતા મરણજનાર હવાલાવાળુ ટ્રેક્ટર પુરઝડપે અને બેફીકરાઈ ભરી રીતે ચલાવતા પોતાના હવાલા વાળા ટ્રેકટરનો લારી જોડવાનો હુક તૂટી જતા ટ્રેક્ટરના સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રેક્ટર રોડની ડાબી સાઈડમાં ટ્રોલી સાથે પલ્ટી મારી જતા મરણજનાર ડ્રાઈવર પોતે ટ્રેક્ટર તેમજ ટ્રોલી નીચે દબાઈ જતા માથાના ભાગે ગંભીર ઈજા તેમજ શરીરે નાની મોટી મુંઢ ઈજાઓ થઈ હતી. જેથી સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.બી. મહેરા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં દળણું દળાવવા ગયેલી સગીરા લાપતા બની

**પોલીસે તપાસ શરૂ કરી**

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલામાં રહેતી એક સગીરા દળણું દળાવવા ગયા બાદ પરત ફરી નહોતી. ચિંતાતુર બનેલા પરિવારજનોએ શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરી હતી. બનાવ અંગે સગીરાના પિતાએ જાહેર કર્યા મુજબ, તેમની ૧૪ વર્ષની પુત્રી ઘરેથી ગીતાંજલી સોસાયટીમાં દળણું દળાવવા ગઈ હતી, ત્યાંથી પરત ફરી નહોતી.

કોઈ અજાણ્યો ઈસમ કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ સી. એસ. કુગસીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના આંબરડી ગામે મનદુઃખમાં યુવક પર હુમલો કર્યો

**જાનથી મારવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ**

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલાના આંબરડી ગામે યુવક પર મનદુઃખમાં હુમલો કરીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે મહેશભાઈ બાલાભાઈ ખટાણા (ઉ.વ.૧૮) એ મેહુલભાઈ મેરામભાઈ ચૌહાણ, હાર્દિકભાઈ દેવશીભાઈ ચૌહાણ તથા પારસભાઈ વજુભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની તથા આરોપી વચ્ચે એકાદ અઠવાડિયા પહેલા થયેલા ઝઘડાનું મનદુઃખ રાખી માથાના ભાગે લોખંડની પાઈપ મારી મુઢ ઈજા કરી હતી. તેમજ ઝપાઝપી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.પી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા ખાતે ૧૨૭મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૪



લાયન્સ કલબ ઈન્ટરનેશનલના મહત્વના સાઈટ ફર્સ્ટ પ્રોજેક્ટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) અને શ્રી સદગુરુ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ - સાવરકુંડલા, શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ ભુરખીયાના ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ મુંબઈના આર્થિક સહયોગથી ૧૨૭મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું કબીર ટેકરી સાવરકુંડલા મુકામે તા.૨૪ને ગુરુવારે, સવારે ૯:૦૦ કલાકે આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં આંખના રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાત ડોક્ટર દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવનાર છે. આ ઉપરાંત નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૩૪ દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૪ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવશે. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા.

## તંત્રી લેખ

# માનવીની જિંદગી સામેનો સૌથી મોટો પડકાર મેદસ્વિતા

હાલ સમગ્ર ગુજરાતમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'નું અભિયાન ચાલી રહ્યું છે. વર્તમાન સમયમાં મોટાભાગના માનવીની લાઈફ સ્ટાઈલ એવી બની ગઈ છે કે જેને કારણે લોકો ઓવરવેઈટ થતા જાય છે જેને કારણે અનેક પ્રકારના રોગ થવાની શક્યતાઓ વધી રહી છે. માનવી જો ખાવા-પીવામાં અને જીવન જીવવાની સ્ટાઈલમાં ફેરફાર ન કરે તો દિવસે દિવસે તેનું વજન વધતું જાય છે. આના ઉપાય તરીકે આધુનિક મેડિકલ સાયન્સમાં અત્યંત સચોટ ઉપાયો છે પરંતુ તે ખર્ચાળ છે સામાન્ય માનવી તે અપનાવી શકે નહીં. છતાં આપણે આના વિશે જાણકારી પ્રાપ્ત કરીએ પરંતુ આ પહેલા માત્ર યોગ દ્વારા મેદસ્વિતા કેવી રીતે દૂર થઈ શકે તેનો સર્વ પ્રથમ વિચાર કરીએ. મેદસ્વિતા એટલે શરીર પર જરૂર કરતાં વધારે ચરબી જમા થવી, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. તે હૃદય રોગ, ડાયાબિટીસ અને અન્ય ગંભીર સમસ્યાઓનું જોખમ વધારે છે. યોગ મેદસ્વિતાને નિયંત્રિત કરવામાં મદદરૂપ થઈ શકે છે કારણ કે તે કેલરી બર્ન કરે છેઃ અમુક યોગાસનો શારીરિક પ્રવૃત્તિ વધારે છે અને કેલરી બર્ન કરવામાં મદદ કરે છે. પાચન સુધારે છેઃ કેટલાક યોગાસનો પાચનતંત્રને સુધારે છે, જેનાથી ખોરાકનું યોગ્ય શોષણ થાય છે અને ચરબી જમા થતી અટકે છે. તણાવ ઘટાડે છેઃ તણાવને કારણે ઘણા લોકો વધારે ખાય છે. યોગ તણાવ ઓછો કરવામાં મદદ કરે છે, જેનાથી ખોરાકની આદતો સુધરે છે. ચયાપચયની ક્રિયા વધારે છેઃ નિયમિત યોગ કરવાથી શરીરનું ચયાપચયની ક્રિયા વધે છે, જે ચરબીને વધુ અસરકારક રીતે બાળવામાં મદદ કરે છે. સભાન આહારને પ્રોત્સાહન આપે છેઃ યોગ તમને તમારા શરીર અને તેની જરૂરિયાતો વિશે વધુ જાગૃત કરે છે, જેનાથી તમે સભાનપણે ખાઈ શકો છો. મેદસ્વિતા નિવારવા માટે કેટલાક ઉપયોગી યોગાસનો આ પ્રમાણે છેઃ સૂર્ય નમસ્કાર આ એક સંપૂર્ણ કસરત છે જે શરીરના દરેક ભાગને સક્રિય કરે છે અને કેલરી બર્ન કરે છે. ત્રિકોણાસન આસન પેટની ચરબી ઘટાડવામાં મદદ કરે છે અને પાચન સુધારે છે. વીરભદ્રાસન (યોદ્ધા પોઝ આસન સ્નાયુઓને મજબૂત કરે છે અને ચયાપચય વધારે છે. ભુજંગાસન (કોબ્રા પોઝ) આસન પેટના સ્નાયુઓને ખેંચે છે અને પાચન સુધારે છે. ધનુરાસન (ધનુષ્ય પોઝ) આસન પેટની ચરબી ઘટાડવામાં અને પાચન સુધારવામાં મદદ કરે છે. કપાલભાતિ અને અનુલોમ વિલોમ પ્રાણાયામ તકનીકો ચયાપચયને વેગ આપે છે અને તણાવ ઘટાડે છે. યાદ રાખો કે યોગની સાથે સાથે સંતુલિત આહાર લેવો અને નિયમિત કસરત કરવી પણ ખૂબ જ જરૂરી છે. જો તમને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા હોય તો યોગ શરૂ કરતા પહેલા ડૉક્ટરની સલાહ લેવી હિતાવહ છે. આધુનિક ટેકનોલોજી દ્વારા મેદસ્વિતા ઓપરેશન દ્વારા કેવી રીતે દૂર કરવામાં આવે છે એ જાણવું જરૂરી છે. આધુનિક ટેકનોલોજીએ મેદસ્વિતાના ઓપરેશનને વધુ સુરક્ષિત અને અસરકારક બનાવ્યા છે. અહીં કેટલીક મુખ્ય તકનીકો અને પ્રક્રિયાઓ જણાવેલ છેઃ લેપ્રોસ્કોપિક સર્જરી **(Laparoscopic Surgery)**. આધુનિક સમયમાં મોટાભાગના મેદસ્વિતાના ઓપરેશન લેપ્રોસ્કોપી દ્વારા કરવામાં આવે છે. પેટમાં મોટા કાપા મૂકવાની જગ્યાએ, નાના છિદ્રો દ્વારા કેમેરા અને પાતળા સાધનો દાખલ કરવામાં આવે છે. સર્જન મોનિટર પર જોઈને ઓપરેશન કરે છે. ફાયદાઃ ઓછો દુઃખાવો, નાના ડાઘ, ઝડપી રિકવરી અને ચેપનું ઓછું જોખમ.

# પાકિસ્તાન સામે પ્રથમ પ્રહાર એટલે વોટર વોર..!!!

પાકિસ્તાન માટે ભારત સામે યુદ્ધમાં ટકવુ જરાય આસાન નથી. પાકિસ્તાની એરફોર્સ અને તેનું સૈન્ય યુદ્ધ માટે જરાય તૈયાર નથી તે જાણે છે કે આમાં મોત નિશ્ચિત છે. ભારતના પ્રચંડ હુમલાને ખાળવાની પાકિસ્તાનની કોઈ હેસિયત નથી. પાકિસ્તાનના એરફોર્સના પાયલોટ જંગ જીતવા નહી પરંતુ કમોતે મરવા માટે તૈયાર નથી. આમ છતાં તેઓને પરાણે જંગમાં ઝંપલાવવું પડશે. પરિવારને આખરી સલામ કરીને આ લોકો નીકળ્યા છે. સૌ કોઈ જાણે છે કે ભારત સામેના જંગમાં કોઈ સંજોગોમાં જીતી શકાય તેમ નથી. પાકિસ્તાનની પ્રજા હવાઈ હુમલાના ડરથી ભયગ્રસ્ત છે. પાકિસ્તાને ભારતના હુમલાની આશંકાએ તેના યુદ્ધ વિમાનો લાહોર એર બેઝ પર હાઈ એલર્ટ પર રાખ્યા છે! આ પહેલા આતંકી હુમલાની પૂર્વભૂમિકા જાણવી જરૂરી છે પહેલગામ હુમલાની જવાબદારી ધ રેજિમેન્ટ્સ ફ્રન્ટ (ટીઆરએફ)એ લીધી છે. હુમલાના માસ્ટરમાઈન્ડ સૈફુલ્લાહ ખાલિદ અથવા સૈફુલ્લાહ કસુરી છે. જે લશ્કર-એ-તૈયબાનો ઉપ પ્રમુખ છે અને ૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિજ સઈદ સાથે તેને ગાઢ સંબંધ છે. સૈફુલ્લાહ ખાલિદ પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાની રાજકીય શાખા મિલ્લી મુસ્લિમ લીગનો પ્રમુખ છે. તે પીઓકે તરફથી ભારત વિરોધી આતંકવાદી અભિયાનોમાં સામેલ છે. જમ્મુ-કાશ્મીર પરથી અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા પછી સૈફુલ્લાહે પાકિસ્તાનની 'નરમ નીતિ'ની આલોચના કરી હતી. ૨૦૨૫ની એક બેઠકમાં સૈફુલ્લાહે જાહેર કર્યું હતું કે ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી કાશ્મીર પર કબ્જો કરવા પ્રયત્ન કરશે. તેણે ખુલ્લેઆમ કહ્યું કે આવનારા સમયમાં 'મુજાહિદ્દીન હુમલામાં વધારો કરશે.' આ નિવેદન ભારત વિરૂદ્ધ યુદ્ધની જાહેરાત કર્યા સમાન હતું. સૈફુલ્લાહે અબોટાબાદના જંગલોમાં લશ્કરના એક આતંકી પ્રશિક્ષણ કેમ્પમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. સૈફુલ્લાહ એલઓસી પાર ઘૂસણખોરી અને ટાર્ગેટ કિલિંગ માટે ભરતી કરતો રહ્યો છે. તેણે સેંકડો યુવાઓને બ્રેઈનવોશ કરી આતંકી હુમલા માટે તૈયાર કર્યા છે. ઓગસ્ટ ૨૦૨૪માં સૈફુલ્લાહે કતરામાં હમાસના પૂર્વ રાજકીય પ્રમુખ ખાલિદ મશાલ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત હમાસના નેતા ઈસ્માઈલ હનિયાના મોત બાદ થઈ હતી. આ બેઠકને હમાસ અને લશ્કર વચ્ચે રણનીતિક સહયોગના સંકેત તરીકે જોવામાં આવી હતી. ૨૦૧૯માં બનેલું લશ્કર એ જૈશ જેવા સંગઠનોનું રીબ્રાન્ડિંગ છે. જેથી આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોથી બચી શકાય. જેમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકી ગતિવિધિઓ અને હથિયારોની તસ્કરીમાં સામેલ રહ્યું છે. પાકિસ્તાનના આર્મી ચીફ જાણે છે કે ભારત બટન દબાવે એટલે પાકિસ્તાન ખલાસ થાય તેમ છે પરંતુ




ભારત પાકિસ્તાનની આમ જનતાને મુશ્કેલી થાય તેવું ઈચ્છતું નથી. ભારતનો દૃષ્ટિકોણ માનવતાવાદી છે અને તે પાકિસ્તાનની જનતા, તેના નિર્દોષ નાગરિકોને પરેશાની થાય તે રીતે યુદ્ધ નહીં કરે. ભારત તેના લશ્કરી મથકોને ટાર્ગેટ કરે એ બની શકે આ ઉપરાંત તે તેના યુદ્ધ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વિમાનો, મિસાઈલો, આતંકી કેમ્પને નષ્ટ કરે તેવું ચોક્કસ બની શકે. ભારતે ગઈકાલે પાકિસ્તાનને પાણી આપવાનું બંધ કર્યું છે. આપણો આ પ્રકારનો શસ્ત્ર વગરનો હુમલો જ છે. કોઈપણ દેશમાં પાણી પુરવઠો જ અચાનક બંધ થઈ જાય તો કેવી ભયંકર સ્થિતિ થઈ જાય તે કલ્પના બહારની વાત છે. ખેતી તો ઠીક લોકોને પીવાનું પાણી પણ મળતું બંધ થાય એટલે તેની જનતામાં જબરો આક્રોશ પ્રગટે અને પાકિસ્તાનમાં સરકાર વિરુદ્ધ તેની જનતા જ વિદ્રોહ કરે એવું બની શકે. આ એક એવો નિર્ણય છે જેનાથી શસ્ત્રોનો ઉપયોગ કર્યા વગર અડધી લડાઈ જીતી શકાય. ભારતનો આ નિર્ણય સાંભળતાની સાથે જ પાકિસ્તાનની નેતાગીરીમાં અને જનતામાં જબરો ભયનો માહોલ વ્યાપી ગયો કે જો પાણી નહીં હોય તો અસ્તિત્વ કેવી રીતે ટકશે. લડાઈ તો પછીની વાત છે. કોઈપણનું પાણી બંધ કરો એટલે જબરી મુશ્કેલીનું સર્જન થાય. ભારતના હુમલાને ખાળવા માટે પાકિસ્તાને શું તૈયારી કરી છે એ જાણવું જરૂરી છે. પાકિસ્તાન પાસે અણુ મિસાઈલ છે પરંતુ તે વર્ષો જૂના છે. એની ઓપરેટિંગ સિસ્ટમ પણ કાર્યરત થઈ શકે તેમ નથી. પાકિસ્તાનને ભય છે કે અણુ હુમલાની ધમકી આપનો સમય નથી. આ કામ કરવામાં આવે તો ભારતની શોર્ટ રેન્જ અણુ મિસાઈલ્સ પાકિસ્તાનને માત્ર ત્રણ મિનિટમાં તબાહ કરી શકે તેમ છે. અત્યારે તો પાકિસ્તાન ભારતના હુમલાનો મુકાબલો કેમ કરવો તેની ચિંતામાં છે. પાકિસ્તાન એરફોર્સના વડાએ નિવેદન કર્યું કે આપણા ફાઈટર વિમાનો ઉડે તે પહેલા જ ભારત તેને તોડી પાડે તેવી સ્થિતિ છે. કારણ કે ભારતના અતિ શક્તિશાળી યુદ્ધ વિમાનોનો મુકાબલો કરી શકે તેવા કોઈ વિમાનો પાકિસ્તાન પાસે નથી. હાલમાં પાકિસ્તાન પાસે પોતાના જે યુદ્ધ વિમાનો છે તેનાથી લડવાનું છે. તેઓ જાણે છે કે લડવાનું નથી પરંતુ કમોતે મરવાનું જ છે!! ભારત હુમલો કરશે એ ડરે પાકિસ્તાન એરફોર્સમાં ગભરાટ ફેલાયો છે અને ગઈકાલે જ તેણે ૧૮ જેટ મોકલ્યા છે. પાકિસ્તાને ગઈકાલે એટલે કે તારીખ ૨૩/૪ ના રોજ શું તૈયારી કરી છે તે જાણવું પણ રસપ્રદ છે. પહેલગામમાં આતંકી હુમલા બાદ મંગળવારે પૂરી રાત પાકિસ્તાની એરફોર્સે ડરમાં વિતાવી હતી. પાકિસ્તાનને ભારત તરફથી જવાબી હુમલાનો ખતરો સતાવી રહ્યો છે. સૂત્રો અનુસાર આર્મી ચીફ આસિમ મુનીરે મંગળવારે સાંજે ત્રણે ફોર્સના કમાન્ડરોની બેઠક કરી હતી. કરાચી એરબેઝ પરથી ૧૮ ફાઈટર જેટ ભારત પાસેની સરહદ અને એરફોર્સ સ્ટેશનો પર મોકલવામાં આવ્યા હતા. આ સ્ટેશન લાહોર અને રાવલપિંડીમાં છે. જાણવા મળ્યુ છે કે આ તમામ ૧૮ જેટ ચીન નિર્મિત જેએફ-૧૭ છે. આ વિમાનો ભારતીય એરપોર્ટ સામે ટકી શકે તેમ નથી કારણ કે તેની ટેકનોલોજી જૂની છે અને તેના પાયલોટને આ વિમાન ઉડાડવાનો મોકો પણ મળ્યો નથી. આર્મી ચીફ મુનીરને ભારત તરફથી પીઓકે (પાકના કબ્જા હેઠળના કાશ્મીર)માં હુમલાનો ડર છે. અહીં લશ્કરના લૉન્ચ પેડ છે. લગભગ ૭૪૦ કિમી લાંબી **LoC** (નિયંત્રણ રેખા) પર પણ પાકિસ્તાની સૈન્યની તૈનાતી વધારાઈ છે પાકિસ્તાની સૈન્યનું પહેલું ફાઈટર જેટ રાત્રે ૮ વાગે લાહોરમાં ઉતર્યું હતું. રાત્રે ૮ વાગેઃ કરાચીથી પાકનું પહેલું જેએફ-૧૭ જેટ લાહોર બેઝ પર ઉતર્યું હતું. બાદમાં બાકીના જેટનું લેન્ડિંગ થયું હતું. રાત્રે ૯ વાગેઃ હરક્યૂલિસ લાહોર, રાવલપિંડી, સુક્કુર અને ફૈસલાબાદની વચ્ચે ઉડાન ભરતું જોવા મળ્યું હતું. રાત્રે ૯.૩૦ વાગ્યેઃ એમ્બ્રેયર ફેનોમ પ્લેન બેઝ કાદરી (સ્કાર્દૂ, ગિલગિટ-બાલ્ટિસ્ટાન) પર દેખાયું હતું. રાત્રે ૧૧ વાગ્યેઃ રાત પડતા જ પાકે રડાર સિસ્ટમને એક્ટિવેટ કરી હતી. પાકિસ્તાનનું માનવું છે કે અત્યારે ભારત તરફથી સૈન્ય કાર્યવાહીને અંજામ અપાશે નહીં. પાકિસ્તાને ૨૦ કૉમ્બેટ ફાઈટર ડેટ સ્ક્વોડ્રોનને હાઈ એલર્ટ પર રાખ્યા છે. પાક. આર્મીના રાવલપિંડી હેડક્વાર્ટરમાં સૌથી વધુ ચહલપહલ છે. ભારતમાં ઉગ્ર આક્રોશ છે. સૌ કોઈ પાકિસ્તાનને હતું ન હતું કરવા માટે માંગ કરી રહ્યા છે માત્ર રાષ્ટ્ર વિરોધી રાજકીય પક્ષો અને નેતાઓ પોતાની વોટબેંક તૂટે એવા ભયથી બહેરા- મૂંગા બની ગયા છે.!! વકફ બોર્ડ હટાવોની ડિમાન્ડ હવામાં ઓગળી ગઈ છે.!!! કારણ કે જનતામાં ઉગ્ર આક્રોશ છે. ૨૪મી એપ્રિલે તમામ રાજકીય પક્ષોની મિટિંગ બોલાવવામાં આવી હતી.

**પાકિસ્તાનના આતંકવાદી સંગઠનો અને લશ્કરના કમાન્ડોએ ૨૦૨૬ માં સંપૂર્ણ કાશ્મીર કબજે કરવાનું નક્કી કર્યું છે અને તેની ઝલક રૂપે આતંકી હુમલો કર્યો. પરંતુ હવે દુનિયાના નકશા પરથી પાકિસ્તાનનું નામ ભૂંસાઈ જાય એવી ભયંકર સ્થિતિ ઉભી થઇ છે. યુદ્ધ ન થાય તો પણ પાણી વગર તરસે મરવું પડે એવું બની શકે.!**

## શબ્દ સંજોગ-૧૯૮૯



**આડી ચાવી :**
(૧) પુરૂરવાની માતા (૨)
(૩) ઉપકાર, આભાર (૪)
(૬) સરસ્વતી (૩)
(૮) જળાશય (૩)
(૧૦) નોતરુ, ઈજન (૩)
(૧૨) વિતેલા જમાનાના જાણીતા સંગીતકાર:.... જગમોહન (૩)
(૧૩) માર્ગ, રસ્તો (૨)
(૧૪) જરૂર, ગરજ (૩)
(૧૬) ઉલટુ, પ્રતિકૂળ (૨)
(૧૭) પૂરી ભરતી આવ્યે ૧૨ મિનિટ પાણી થોભે છે તે (૨)
(૧૮) કડક, જરા કાચું (૩)
(૨૦) રામના નાના ભાઈ (૩)
(૨૨) સર્વ, તમામ (૩)
(૨૪) પક્ષપાત, વલણ (૨)
(૨૫) મનાઈ, શપથ (૨)
(૨૬) રૂપાનું, રૂપું (૩)
(૨૭) પરાધીન (૪)

**ઉભી ચાવી :**
(૧) મહાદેવ (૩)
(૨) સમૂહ, ટોળી (૨)
(૪) માગશરને પોષ મહિનાની ઋતુ (૩)
(૫) સિંહ જેવો બહાદુર પુરુષ (૪)
(૬) ડહાપણ, ચતુરાઈ (૪)
(૭) પિતાના પિતા (૨)
(૯) દિવસ, વાર (૩)
(૧૧) વીઘાનો વીસમો ભાગ (૨)
(૧૩) પીડા, આપદા (૩)
(૧૪) એક સાહિત્યકાર : કાકા સાહેબ..... (૫)
(૧૫) અંધારિયાનો છેલ્લો દિવસ (૩)
(૧૬) મહી અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ (૩)
(૧૯) શ્રેય, કુશળ (૩)
(૨૧) જુવાન, યુવાન (અ) (૩)
(૨૩) કમ્મર, કેડ (૩)
(૨૪) પારકી.........સદા નિરાશ (૨)

## શબ્દ સંજોગ-૧૯૮૮ જવાબ

**આડી ચાવી:** (૧) ચાનસ (૩) ખ્યાત (૪) ગજ (૫) વાસલ (૭) ઢીલ (૮) રીત (૧૧) કંદ (૧૩) ખમતીધર (૧૫) બર (૧૬) કલમા(કમાલ) (૧૭) ખાસ (૧૮) અણવર (૨૦) કને (૨૨) દાતન(દાનત) (૨૩) પધરામણી (૨૬) કસર.
**ઉભી ચાવી:** (૧) ચાતરી (૨) સવા (૩) ખ્યાલ (૪) ગલકંબલ (૬) સેવતી (૯) તખલ્લુસ (૧૦) મોર (૧૨) દરમાયો (૧૪) ધમણ (૧૬) કર (૧૭) ખાનદાન (૧૮) અને (૧૯) વરાધ (૨૦) કનક (૨૧) હેમ (૨૩) પર (૨૪) રાગ (૨૫) ણીરા.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૨૦ |
| જુવાર સફેદ | ૬૪૧ | ૮૨૨ |
| જુવાર લાલ | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૪૫૦ |
| બાજરી | ૩૫૩ | ૪૨૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૧૨૨૫ | ૨૧૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| મગ | ૧૧૫૦ | ૧૮૪૧ |
| વાલ દેશી | ૮૧૫ | ૧૨૧૫ |
| વટાણા | ૬૦૦ | ૧૭૩૧ |
| રાજમા | ૩૫૦ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૪૨ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૨૦ |
| તલી | ૧૭૦૦ | ૨૦૦૪ |
| સુરજમુખી | ૧૨૦૦ | ૧૭૫૦ |
| એરંડા | ૧૧૩૦ | ૧૧૮૨ |
| અજમો | ૯૦૦ | ૧૬૦૦ |
| સુવા | ૧૪૫૦ | ૧૬૦૯ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૪૦૦ |
| લસણ | ૮૫૦ | ૧૭૨૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૫૮૦ |
| મરચા સુકા | ૮૨૦ | ૨૧૨૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૬૪૦ |
| વરીયાળી | ૧૬૫૦ | ૨૭૦૦ |
| જીરૂ | ૩૭૭૦ | ૪૪૯૦ |
| રાય | ૧૦૭૦ | ૧૩૪૦ |
| મેથી | ૮૧૦ | ૧૨૮૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| અશેરીયો | ૧૩૫૧ | ૧૩૫૧ |
| કલોંજી | ૩૯૪૦ | ૩૯૭૦ |
| રાયડો | ૯૫૦ | ૧૧૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૮૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૩૪૦૦ |
| સાકરટેટી | ૨૫૦ | ૪૫૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૧૪૦ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૭૫ | ૨૩૫ |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૮૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૪૦ |
| સરગવો | ૧૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૫૦ |
| કાકડી | ૪૫૦ | ૯૦૦ |
| ગાજર | ૧૬૦ | ૩૪૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૪૦૦ | ૯૦૦ |
| બીટ | ૬૦ | ૧૨૦ |
| મેથી | ૨૦૦ | ૪૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૧૬૦ |
| ગુંદા | ૩૦૦ | ૬૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૩૧ | ૧૫૩૬ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૨૯૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૯૦૧ | ૧૨૧૧ |
| જીરૂ | ૩૨૫૧ | ૪૫૩૧ |
| વરીયાળી | ૧૩૪૧ | ૧૩૭૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૭૬ |
| મરચા સૂકા પટ્ટો | ૩૦૧ | ૨૩૦૧ |
| લસણ સુકું | ૩૯૧ | ૧૫૦૧ |
| ડુંગળી લાલ | ૪૬ | ૨૩૧ |
| અડદ | ૮૯૧ | ૧૫૯૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૦૧ |
| રાયડો | ૯૦૧ | ૧૦૩૧ |
| રાય | ૯૫૧ | ૧૧૯૧ |
| મેથી | ૬૫૧ | ૧૦૦૧ |
| સુવાદાણા | ૧૫૪૧ | ૧૫૪૧ |
| કાંગ | ૫૦૧ | ૬૧૧ |
| મગફળી જાડી | ૭૪૧ | ૧૩૭૧ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૨૧૦૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૧૦૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૫૧ |
| મરચા સૂકા ઘોલર | ૩૦૧ | ૧૯૦૧ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૧૨૮ |
| બાજરો | ૪૯૧ | ૪૯૧ |
| જુવાર | ૪૯૧ | ૮૧૧ |
| મકાઇ | ૪૪૧ | ૪૪૧ |
| મગ | ૧૩૨૧ | ૧૬૨૧ |
| ચણા | ૯૯૧ | ૧૦૯૬ |
| વાલ | ૫૦૧ | ૧૨૧૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૭૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૩૧ |
| ગોગળી | ૮૮૧ | ૯૪૧ |
| વટાણા | ૭૬૧ | ૧૬૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૫૦ | ૨૪૦ |
| મરચા | ૧૬૦ | ૮૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૨૦ | ૧૦૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૫૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૨૨૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૯૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૮ |
| તાંજરીયા પુરા | ૩ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૫ |
| ફોદીનો પુરા | ૧ | ૫ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| ચુરણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૨૦ | ૮૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૫૨૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૬૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૨૨ | ૧૦૩૦ |
| ગીરનાર શીંગ | ૯૪૯ | ૧૧૧૧ |
| શિંગ મોટી | ૭૦૦ | ૧૦૩૨ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૩૯૦૦ | ૫૪૪૦ |
| બાજરો | ૫૫૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૩૬૬ | ૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૭ |
| અડદ | ૬૦૦ | ૬૧૫ |
| ચણા | ૮૧૦ | ૧૦૭૯ |
| ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૫૦ |
| સફેદ ચણા | ૯૫૯ | ૧૧૬૧ |
| ચણા છોલે | ૧૧૬૧ | ૧૭૨૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૭૩ |
| કપાસ | ૮૨૫ | ૧૫૫૫ |
| એરંડા | ૯૪૦ | ૧૧૫૭ |
| જીરૂ | ૨૦૫૦ | ૪૪૦૦ |
| રાયડો | ૧૦૨૦ | ૧૦૨૦ |
| રાઈ | ૬૭૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૪૩૦ |
| ધાણી | ૧૧૮૫ | ૧૭૯૦ |
| મેથી | ૭૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૭૩૫ | ૮૧૦ |
| મરચા લાંબા | ૨૦૦ | ૧૫૭૦ |
| દેશી મરચા | ૨૪૦ | ૩૦૦૦ |
| કાંગ | ૪૫૦ | ૫૩૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૩૨૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૮૦ | ૧૨૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૧૪૦ | ૨૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૧૫૦ | ૨૦૦ |
| દૂધી | ૧૦૦ | ૧૨૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૫૦ | ૬૫૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૫૫૦ | ૬૫૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| વટાણાં | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૦૦ | ૧૫૦ |
| કાચી કેરી | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૧૫૦ |
| લીમડો મીઠો | ૮૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ લીલુ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૭૧૦ | ૯૫૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૧૧ |
| ચણા | ૯૫૧ | ૧૦૬૬ |
| તુવેર | ૭૬૦ | ૧૦૯૦ |
| શીંગ ફાડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૨૬ | ૧૫૫૧ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૫૬ |
| તુવેર | ૧૨૨૫ | ૧૨૨૫ |
| તલ કાળા | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ધાણા | ૧૧૦૧ | ૧૩૧૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૪૦ | ૧૦૫૧ |
| મગફળી ૩૨ નં. | ૯૧૧ | ૧૦૫૧ |
| બાજરી હાઈબ્રીડ | ૪૬૦ | ૫૭૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૬૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૨૨ |
| રાયડો | ૯૮૦ | ૧૦૩૮ |
| મેથી | ૭૫૦ | ૯૪૮ |
| જુવાર | ૬૦૦ | ૭૯૬ |
| એરંડી | ૧૦૫૦ | ૧૧૯૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૭ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૫૫૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૩૪ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૮૭ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૭૦ | ૧૪૭૫ |
| કપાસ સી ગ્રેડ | ૭૪૫ | ૯૯૫ |
| એરંડી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૫૮ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૫૦૨ |
| ઘઉં ટુકડા | ૩૬૮ | ૫૪૨ |
| ચણા | ૯૦૧ | ૧૦૬૦ |
| મેથી | ૮૦૦ | ૮૩૫ |
| ધાણા | ૮૦૦ | ૧૧૫૦ |
| રાયડો | ૯૭૦ | ૯૭૦ |
| મગફળી | ૭૮૦ | ૯૧૦ |
| રાય | ૯૬૦ | ૯૬૦ |
| તુવેર | ૯૬૦ | ૧૨૫૦ |
| શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| સોયાબીન | ૭૦૫ | ૭૯૦ |
| ચણા સોલે | ૧૬૩૫ | ૧૬૩૫ |
| ચણા સફેદ | ૧૦૦૭ | ૧૦૬૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૧૫ |
| શીંગ મોટી | ૯૫૦ | ૧૦૩૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૭૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૩૭૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૨૦ |
| બાજરો | --- | ૫૭૦ |
| જુવાર | ૭૩૦ | ૭૮૦ |
| મગ | --- | ૧૫૬૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૮૦ |
| દેશી ચણા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૧૭૦ | ૧૩૯૨ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૭૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| રાય/રાયડો | ૯૮૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૫૭૮ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૮ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૯૭૪ |
| તલ કાળા | ૩૬૦૦ | ૩૬૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૮ |
| બાજરો | ૪૪૦ | ૫૭૩ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૨૦ |
| જુવાર | ૬૦૧ | ૮૫૦ |
| અડદ | ૮૧૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૮ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| મેથી | ૮૬૧ | ૮૬૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૦૦ |
| એરંડી | ૮૫૧ | ૧૦૮૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૫ | ૧૫૬૦ |
| કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૪૪૦ |
| મગફળી | ૯૯૧ | ૧૦૧૯ |
| જીરૂ | ૩૯૫૫ | ૪૪૨૫ |
| ઘઉં | ૪૫૮ | ૫૮૨ |
| ધાણા | ૧૩૩૦ | ૧૪૯૦ |
| ચણા | ૧૦૪૮ | ૧૦૯૦ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૪૦ |
| મેથી | ૯૭૫ | ૧૦૧૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૨ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૭૧ |
| મગફળી | ૭૫૦ | ૯૬૬ |
| શિંગ ફાડા | ૧૦૦૧ | ૧૨૦૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૪૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| મેથી | ૭૦૦ | ૯૦૧ |
| સોયાબીન | ૬૦૧ | ૭૮૬ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૧૫ | ૪૩૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૦૯ |
| મગ | ૯૦૫ | ૧૦૦૦ |
| અડદ | ૭૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૩૩૦ |
| વાલ | ૭૮૦ | ૧૪૦૦ |
| મેથી | ૯૨૫ | ૧૧૧૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૭૫૦ | ૯૯૦ |
| મગફળી જાડી | ૭૦૦ | ૯૧૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૬૮ |
| રાયડો | ૮૫૦ | ૧૦૭૫ |
| રાઈ | ૯૭૫ | ૧૨૨૫ |
| લસણ | ૫૦૦ | ૧૫૧૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૩૫૦ |
| અજમો | ૧૦૨૫ | ૨૯૪૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૬૫ |
| ડુંગળી | ૩૦ | ૨૨૫ |
| ઈસબગુલ | ૧૫૦૦ | ૨૦૭૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૧૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૬૮૦ |
| રાજમા | ૫૧૫ | ૬૨૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૨૪ | ૯૫૪ |
| શીંગ ૩૨ | ૮૫૪ | ૯૮૭ |
| શીંગ જી-૨૦ | ૮૧૧ | ૧૦૦૦ |
| એરંડા | ૬૦૧ | ૧૧૩૬ |
| જુવાર | ૩૦૦ | ૭૫૯ |
| બાજરી | ૪૧૮ | ૫૯૯ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૯૯ |
| સોયાબીન | ૭૯૦ | ૭૯૬ |
| અડદ | ૬૦૬ | ૬૦૬ |
| મગ | ૧૬૨૫ | ૨૦૫૨ |
| રાય | ૯૩૦ | ૧૧૫૦ |
| મેથી | ૮૧૫ | ૯૦૬ |
| ચણા નં.૩ | ૮૦૧ | ૧૦૭૪ |
| તલ સફેદ | ૧૨૧૦ | ૧૯૪૨ |
| તલ કાળા | ૩૪૦૧ | ૪૩૦૦ |
| તુવેર | ૧૧૪૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૩૦ |
| ડુંગળી લાલ | ૮૯ | ૨૫૧ |
| ડુંગળી સફેદ | ૯૧ | ૨૦૦ |
| નાળીયેર | ૫૨૨ | ૨૯૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજયના ખેડૂતો માટે આઇ-ખેડૂત ૨.૦ પોર્ટલ થયું વધુ સુવિધાજનક

ગાંધીનગર, તા.૨૪



રાજયના ખેડૂતો માટે ખુશખબર સામે આવ્યા છે. નવીન આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ હવે વધુ સુવિધાઓ સાથે કાર્યરત છે, જેની વેબસાઈટ અગાઉ મુજબ **www.ikhedut.gujarat.gov.in** જ રહેશે. આ પોર્ટલ પર ખેડૂતો હવે પોતાની અરજીનું સ્ટેટસ ઘરે બેઠા જ ટ્રેક કરી શકશે. અરજી કર્યા બાદ તેમને **SMS** દ્વારા સમયસર સૂચનાઓ અને અપડેટ્સ મળતા રહેશે. વધુમાં, ખેડૂતો વિવિધ રજિસ્ટર્ડ કંપનીઓ અને ડીલરો દ્વારા ઓફર કરવામાં આવતા ગુણવત્તાયુક્ત ઉત્પાદનોની વિશાળ શ્રેણીમાંથી પસંદગી કરી શકશે. પોર્ટલ પર કૃષિ માર્ગદર્શિકા અને **FAQs** પણ ઉપલબ્ધ છે, જે તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવશે. સ્વચાલિત કાર્યપ્રવાહથી મંજૂરી પ્રક્રિયા ઝડપી બનશે અને ખેડૂતોને ઝડપથી લાભ મળશે. હવે તેઓ પૂર્વ મંજૂરી બાદના બિલો પણ ઓનલાઈન અપલોડ કરી શકશે. ટૂંક સમયમાં આ પોર્ટલની મોબાઈલ એપ્લિકેશન પણ લોન્ચ કરવામાં આવશે, જે ખરીદી કરેલ સાધનોના વેરીફિકેશનમાં ઉપયોગી થશે.

# લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી ખાતે ધારાસભ્યની હાજરીમાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી

લીલીયા, તા.૨૪




લીલીયા મોટાની તાલુકા પંચાયત કચેરી ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પ્રાસંગિક પ્રવચનમાં ૨૪ એપ્રિલ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી શું કામ કરવામાં આવે છે તેની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે ૧૯૯૨માં બંધારણમાં ૭૩મો સુધારો લાગુ થવાથી પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવેલ છે. તેમણે ગરીબી મુક્ત ઉન્નત આજીવિકા યુક્ત ગામ, સ્વચ્છ ગામ, બાળકો માટે અનુકૂળ ગામ, પાણી પર્યાપ્ત ગામ, સ્વચ્છ અને હરિયાળું ગામ, આત્મનિર્ભર માળખાકીય સુવિધા ધરાવતું ગામ, સામાજિક રીતે સુરક્ષિત ગામ, સારા શાસનવાળુ ગામ, મહિલાઓ માટે સુરક્ષિત ગામ સહિતની સુખાકારી વિશે મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતા. આ તકે વિશિષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરેલ. આ તકે તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન નાકરાણી, રાશિભાઈ ડેર, સરપંચ જીવનભાઈ વોરા, તાલુકા ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વિછીયા સહિત ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા યાર્ડ ખાતે આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનાર લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



રાજુલા તા.૨૪

રાજુલા ખાતે માર્કેટ યાર્ડમાં ચાલી રહેલી ચણાની ખરીદીમાં જમ્મુ કાશ્મીરમાં થયેલ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનાર લોકોના આત્માની શાંતિ માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિતના આગેવાનોએ પ્રાર્થના કરી હતી. જીગ્નેશભાઈ પટેલ, રમેશભાઈ ડોબરીયા, પીઠાભાઈ નકુમ સહિતના આગેવાનો જોડાયા હતા.

# અમરેલી જિલ્લાના કેરલાના પાટિયા પાસે પેટ ઈન્ડસ્ટ્રીઝમાં આગ લાગતા ફાયર બ્રિગેડની ત્વરિત કાર્યવાહીથી મોટું નુકસાન ટળ્યું

અમરેલી, તા.૨૪



અમરેલી જિલ્લાના કેરલાના પાટિયા નજીક આવેલી પેટ ઈન્ડસ્ટ્રીઝમાં ગઈકાલે આશરે ૧૭:૧૫ કલાકે અચાનક આગ લાગવાની ઘટના બની હતી. ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમને થતાં જ તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે રવાના થઈ હતી. ફાયર ઓફિસર એચ.સી.ગઢવીના નેતૃત્વ હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમના બે ફાયર ટેન્કરે ઘટના સ્થળે પહોંચીને તાત્કાલિક પાણીનો મારો શરૂ કર્યો હતો. અંદાજિત ૫૦,૦૦૦ લીટર પાણીનો ઉપયોગ કરીને ફાયર બ્રિગેડની ટીમે આગને કાબૂમાં લીધી હતી. જો કે, ઈન્ડસ્ટ્રીઝમાં લગભગ ૧૦૦ ટન જેટલો લાકડાનો જથ્થો હોવાના કારણે આગને સંપૂર્ણપણે ઠારવા માટે ભારે જહેમત કરવી પડી હતી. આ સફળ કામગીરીમાં ફાયર સ્ટાફના સભ્યો આનંદભાઈ જાની, ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિત, કૃષ્ણભાઈ ઓળકિયા, અરૂણભાઈ વાઘેલા, દિલીપ સિંહ રાઠોડ, ધવલભાઈ ચાવડા અને હર્ષભાઈ ચાવડાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ગોંડલમાં પહેલગામના મૃતકો અને સરધાર અકસ્માતના મૃતકોને શ્રદ્ધાંજલિ

ગોંડલ,તા.૨૫



તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકો અને થોડા દિવસો પહેલા સરધાર પાસે થયેલા માર્ગ અકસ્માતમાં ગોંડલના વિજયનગરમાં રહેતા ૪ લોકોના અવસાન બદલ આજે ગોંડલ ભાજપ પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. શહેરના કોલેજ ચોક પાસે આવેલા મહારાજા ભગવતસિંહજી ગાર્ડન ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ બે મિનિટનું મૌન પાળી સદ્ગતોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ શોકસભામાં ધારાસભ્ય ગીતાબા જાડેજા, ભાજપ સંગઠનના હોદ્દેદારો અને ગોંડલના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીની લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા કોલેજનો દબદબો, યુનિવર્સિટી ટોપ ટેનમાં ચાર વિદ્યાર્થિનીઓ ઝળકી

અમરેલી,તા.૨૪



અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.એસ.સી. મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં શાનદાર પરિણામો મેળવ્યા છે. કોલેજની ચાર વિદ્યાર્થિનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.એસ.સી.(બીટી)ના ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. ચક્કરગઢ રોડ સ્થિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે કાર્યરત આ કોલેજની વિદ્યાર્થિની આદેસરા ધ્વનિ એસ. ૮૩.૫૦ ટકા સાથે યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે રહી છે. જ્યારે ગોળકીયા જહાન્વી એમ. ૮૩ ટકા સાથે બીજા ક્રમે, પટેલ માર્ગી એન. ૭૬.૨૯ ટકા સાથે ચોથા ક્રમે અને વઘાસીયા નિરાલી કે. ૭૫.૫૦ ટકા સાથે છઠ્ઠા ક્રમે રહી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.એસ.સી. (બીટી)ના એગ્રીગેટ પરિણામમાં કોલેજની ચાર વિદ્યાર્થિનીઓએ ટોપ ટેનમાં સ્થાન મેળવવા બદલ સંકુલ પરિવારે તમામ રેન્કર વિદ્યાર્થિનીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.

# સુત્રાપાડામાં વાણિજ્ય હેતુનું ગેરકાયદેસર દબાણ દૂર કરાયું

**આશરે ૭૦ લાખ રૂપિયાની ૨૦૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવાઈ**

ગીર સોમનાથ,તા.૨૪



કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશના ભાગરૂપે સુત્રાપાડામાં મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકા વિસ્તારમાં કાકરી ગેટથી સુત્રાપાડા ગામ તરફ જતા જાહેર માર્ગ પર આશરે ૨૦૦૦ ચોરસ મીટર જમીનમાં બનેલી વાણિજ્ય હેતુની ૨૫ દુકાનોનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં અંદાજે ૭૦ લાખ રૂપિયાની કિંમતની ૨૦૦૦ ચોરસ મીટર જેટલી જાહેર માર્ગની જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે આગામી દિવસોમાં પણ ગેરકાયદેસર બાંધકામો સામે આ ઝુંબેશ ચાલુ રહેશે.

# લીલીયાના આંબા ગામે યુવકના સ્મરણાર્થે સેવાકીય કાર્યક્રમો

લીલીયા, તા.૨૪





લીલીયા તાલુકાના આંબા ગામના કિશોરભાઈ બરવાળીયાના પુત્ર પાર્થ (ચિન્ટુ)ના આકસ્મિક અવસાનથી શોકની લાગણી છવાઈ છે. તા.૨૪ના રોજ આંબા ગામે તેમના બેસણાં નિમિત્તે રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૬૦ બોટલ રક્ત એકત્રિત કરાયું હતું. આ ઉપરાંત, ગામની નિરાધાર ગાયોને લીલો ઘાસચારો ખવડાવવામાં આવ્યો હતો, પક્ષીઓને ચણ નાખવામાં આવી હતી, માળાનું વિતરણ કરાયું હતું અને શ્વાનોને લાડુ ખવડાવવામાં આવ્યા હતા. બેસણામાં આવનાર લોકોને પાર્થની આત્માની શાંતિ માટે વૃક્ષો પણ આપવામાં આવ્યા હતા. સ્વ. પાર્થના નિધનથી સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત સહિત અનેક સામાજિક અને રાજકીય આગેવાનોએ બરવાળીયા પરિવારની મુલાકાત લઈ તેમને સાંત્વના પાઠવી હતી.

# 'સ્વાગત'ના ૨૨ વર્ષ : ટેક્નોલોજી આધારિત જનફરિયાદ નિવારણનું સફળ મોડેલ

ગાંધીનગર, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૩માં શરૂ કરાયેલ જનફરિયાદ નિવારણનો ટેકનોલોજીયુક્ત અભિગમ 'સ્વાગત' કાર્યક્રમે આજે સફળતાના ૨૨ વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે 'સ્વાગત' પ્રકલ્પ સુશાસનનું ઉત્તમ ઉદાહરણ છે, જે લોકોના જીવનમાં પરિવર્તન લાવીને પેપરલેસ, પારદર્શક અને મુશ્કેલીઓ વિના સમસ્યાઓના ઉકેલ માટે એક અસરકારક માધ્યમ સાબિત થયો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે વડાપ્રધાનના પ્રયાસોથી શરૂ થયેલ આ કાર્યક્રમ સામાન્ય માનવી, ગરીબ અને ગ્રામીણ નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે એક સુગ્રથિત માળખું પૂરું પાડે છે. દેશમાં જ્યારે ઓનલાઈન ફરિયાદ નિવારણની માત્ર વાતો થતી હતી, ત્યારે નરેન્દ્રભાઈએ ૨૪મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ 'સ્વાગત ઓનલાઈન' જનફરિયાદ નિવારણ કાર્યક્રમ શરૂ કરીને દૂરંદેશિતા દાખવી હતી. ટેકનોલોજીના ઉપયોગથી નાગરિકો અને સરકાર વચ્ચે સેતુ સ્થાપિત કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલ આ કાર્યક્રમ નાગરિકોની રોજબરોજની ફરિયાદોનું ઝડપી, કાર્યક્ષમ અને સમયબદ્ધ નિરાકરણ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**કેરેજ રિપેર વર્કશોપમાં એલએચબી બોગી અને તેના ઘટકોનું એસેમ્બલી કાર્ય**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે. ચીફ મિકેનીકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આવકારે છે. **ઈ-ટેન્ડર નં.: BVPW-2025-26-TSS-I-04; કામનું નામ:** કૈરિજ રિપેયર વર્કશૉપ ભાવનગર પરા ખાતે 12 મહિના માટે કાર્યક્ષેત્ર મુજબ શોપ શેડ્યૂલ - I, દરમિયાન એલએચબી બોગીઓ અને તેના ઘટકોનું એસેમ્બલી કાર્ય; **કામનો અંદાજિત ખર્ચ:** ₹ 45,22,199.19/-; **બિડ સિક્યોરિટી:** ₹ 90,500/-; **ટેન્ડર ડોક્યુમેન્ટ ફી:** ₹ 0.00/-; **ટેન્ડર ઓફરની વેલિડિટી:** 60 દિવસ; **કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** સ્વીકૃતિ પત્ર ઇસ્યુ થયાની તારીખથી 12 મહિના; **ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય:** 14/05/2025 ના 10:30 કલાક; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 14/05/2025 ના 11:00 કલાકે; **ઈસ્યુ કરનાર:** ડે. ચીફ મિકેનીકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર - 364003, પશ્ચિમ રેલવે, **ઈમેલ: dycmews@bvp.railnet.gov.in; મહત્વપૂર્ણ નોંધ:** ટેન્ડર ફક્ત ઈલેક્ટ્રોનિકલી રીતે https://www.ireps.gov.in પર જમા કરાવવાના રહેશે. અને ઈ-ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વિકારાશે નહીં અને આ ઓફિસમાં પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવાશે નહીં અને ખોલાશે નહીં. 013

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**-:: જાહેર નોટીસ ::-**

ફો.પ.અ.નં.33/૨૦૨૫

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે લાઠી**

અરજદાર ::- ખુંટ મંજુલાબહેન નારણભાઈ ઉ.વ.૭૦ ધંધો ઘરકામ ધર્મે હિન્દુ / પટેલ. રહે. હીરાણા, તા.લાઠી, જી.અમરેલી હાલ સાસરે ચરખા તા. બાબરા જી. અમરેલી

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા:-જન્મ-મરણ નોંધણી ત.ક.મ. અધીકારી હીરાણા ગ્રામપંચાયત**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે હીરાણા ગામના રહેવાસી છે. અરજદાર પોતે ખુંટ મંજુલાબહેન નારણભાઈની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે ખુંટ મંજુલાબહેન નારણભાઈનો જન્મ જે તે સમયે હીરાણા મુકામે જન્મ તારીખ- ૦૧/૦૬/૧૯૫૫ ના રોજ થયેલ છે. જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/ તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ. ૦૧/૫/૨૦૨૫ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવા માં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ ::- લાઠી
તારીખ ::- ૨૪/૪/૨૦૨૫

શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી

# ગોંડલ લગ્ન પ્રસંગે ગીર ગાયની વાછરડીની અપાઈ અનોખી ભેટ

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ફેરફાર કરવાના સંદર્ભમાં ટીઆરડી કાર્ય**

**ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/06 તા. 22/04/2025; ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360 001; **વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2025-26-06; (i) કામનું નામ:** રાજકોટ વિભાગના વિવિધ સ્થળોએ દરેક ફીડરને અલગ થાંભલાની જોગવાઈ દ્વારા અલોંગ ફીડરમાં ફેરફાર કરવાના સંદર્ભમાં ટીઆરડી કાર્ય; **(ii) અંદાજિત ખર્ચ:** ₹ 1,37,51,855.45/-; **(iii) અર્નેસ્ટ મની:** ₹ 2,18,800/-; **(iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય:** તા. 20.05.2025 ના 15:00 કલાક સુધી. 012

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ગોંડલ,તા.૨૪



ગોંડલ તાલુકાના જામવાડી ગામ ખાતે એક અનોખો પ્રસંગ જોવા મળ્યો હતો. ગામમાં ૩૦ વર્ષથી સરપંચ તરીકે સેવા આપતા પ્રફુલભાઈ ટોળીયાના સુપુત્ર ચિ. લેરીશના લગ્ન પ્રસંગે તેમના નજીકના મિત્ર રમેશભાઈ રૂપારેલીયા દ્વારા ભેટ સોગાત તરીકે એક છ માસની વાછરડી (ગીર ગાય) આપવામાં આવી છે. પ્રફુલભાઈ ટોળીયા પોતે પણ ગીર ગાયનું નિયમિત જતન કરે છે અને રમેશભાઈ રૂપારેલીયા પણ તેઓ સાથે નજીકની મિત્રતા ધરાવે છે તે અંતર્ગત ગીર ગાયની વાછરડીનું દાન કરવા બદલ ટોળીયા પરિવારમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

# કોડીનાર યાર્ડમાં ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ, ખેડૂતોમાં ખુશીનો માહોલ

ગીર સોમનાથ, તા.૨૪



ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતો માટે સારા સમાચાર છે. કોડીનાર ખરીદ વેચાણ સંઘ દ્વારા કોડીનાર યાર્ડ ખાતે ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ કરવામાં આવી છે. સરકાર દ્વારા ચણાનો ટેકાનો ભાવ રૂ.૧૧૩૦ પ્રતિ મણ જાહેર કરવામાં આવ્યો છે, જે ખુલ્લી બજારના ભાવ રૂ. ૧૦૬૦ કરતાં વધુ હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા આ પહેલ કરવામાં આવી છે. કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકીના હસ્તે આ ખરીદી પ્રક્રિયાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

# આતંકવાદીઓએ પાકિસ્તાનમાંથી તાલીમ લીધી સ્થાનિકની મદદથી પ્રવાસીઓ પર હુમલો કર્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૪

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં એક મોટો ખુલાસો થયો છે. આતંકવાદીઓના પાકિસ્તાન સાથે સંબંધો છે. શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું છે કે આ આતંકવાદીઓએ પાકિસ્તાનમાં તાલીમ લીધી હતી. પ્રવાસીઓ પર હુમલો સ્થાનિક આતંકવાદીઓની મદદથી કરવામાં આવ્યો હતો. હુમલા પછી, આતંકવાદીઓ પીર



પંજાલના ગાઢ જંગલોમાં ગાયબ થઈ ગયા હતા. સુરક્ષા એજન્સીઓ આતંકવાદીઓને શોધવા માટે ડ્રોન અને હેલિકોપ્ટરનો ઉપયોગ કરી રહી છે. હજુ સુધી આતંકવાદીઓનો કોઈ પત્તો નથી. હુમલા બાદ જમ્મુ-કાશ્મીરથી દિલ્હી સુધી એલર્ટ છે. હુમલામાં માર્યા ગયેલા લોકોના મૃતદેહોને તેમના ઘરે મોકલવામાં આવી રહ્યા છે. આ હુમલાનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે.

માહિતી અનુસાર, પહેલગામના બૈસરનમાં થયેલા હુમલામાં પાંચથી સાત આતંકવાદીઓ સામેલ હોવાની શંકા છે. પ્રાથમિક તપાસ મુજબ, આ આતંકવાદીઓએ પાકિસ્તાનમાં તાલીમ મેળવી હતી. તેને બે સ્થાનિક આતંકવાદીઓની પણ મદદ મળી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉપલબ્ધ પુરાવાઓના આધારે, બિજબેહરાના રહેવાસી આદિલ ઠોકર ઉર્ફે આદિલ ગુરીની ભૂમિકા, મૃતક પ્રવાસીઓમાંથી એકની પત્ની દ્વારા કરવામાં આવેલી ઓળખના આધારે પ્રકાશમાં આવી છે.

# પહેલગામમાં આતંકવાદી હુમલા પછી અમરનાથ યાત્રા પર આશંકાના વાદળો

(એચ.એસ.એલ),ગાઝિયાબાદ,તા.૨૪

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ અમરનાથ યાત્રા પર જઈ રહેલા શ્રદ્ધાળુઓનો તણાવ વધી ગયો છે. જુલાઈમાં શરૂ થનારી યાત્રામાં જવા માટે મોટી સંખ્યામાં લોકોએ નોંધણી કરાવી છે. આતંકવાદી હુમલા પછી તે પ્રવાસ પર જવા અંગે અનિશ્ચિત છે. તે જ સમયે, અમરનાથ યાત્રા



દરમિયાન દર વખતે ગુફા પાસે લંગરનું આયોજન કરતી સંસ્થા, શાહદરા લંગર સેવા સમિતિ સાથે સંકળાયેલા કુલદીપ સિંહ કહે છે કે અમે તૈયાર છીએ.

ભક્તોનું કહેવું છે કે મંગળવારે થયેલા અકસ્માત બાદ, તેમના પરિવારના સભ્યો હવે તેમને અમરનાથ યાત્રા પર જવા વિશે પ્રશ્નો પૂછી રહ્યા છે. આ અકસ્માત પછી, અંદર એક પ્રકારનો ભય પેદા થયો છે. મોર્ટીના સતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, અમરનાથ યાત્રાને લઈને ઘણો ઉત્સાહ હતો. આ અકસ્માતે બધાનો ઉત્સાહ ઠંડો કરી દીધો છે. ઘરે અને મિત્રોમાં પ્રવાસ પર ન જવા અંગે ચર્ચા ચાલી રહી છે. જ્યારે પરિસ્થિતિ સુધરશે ત્યારે જોઈશું.

# સામાન્ય નાગરિકો ગુનેગારોને સજા ઈચ્છે છે, વળતર નહીં: સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ


નવીદિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ વી રામાસુબ્રમણ્યમે જણાવ્યું હતું કે સામાન્ય માણસને નાગરિક ન્યાય વહીવટ કરતાં ફોજદારી ન્યાય પ્રણાલીમાં વધુ વિશ્વાસ છે. રામાસુબ્રમણ્યમ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ છે. તેમણે કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે દેશના પ્રથમ વ્યાપક ફોજદારી કાયદા ડેટાબેઝના લોન્ચિંગ પ્રસંગે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે એક સમાજ તરીકે આપણી માનસિકતા તમામ સિવિલ કેસોને ફોજદારી કેસોમાં રૂપાંતરિત કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે એક વકીલ તરીકે મેં એવા લોકોને જોયા છે જેમણે પૈસા ઉધાર લીધા હતા. તે પોતાના પૈસા પાછા મેળવી શક્યો નહીં. તે બધા મારી પાસે આવતા અને મને કહેતા કે કોઈક રીતે આને ફોજદારી કેસમાં ફેરવો જેથી તેઓ તેમના પૈસા પાછા મેળવી શકે. વી રામાસુબ્રમણ્યમે કહ્યું કે તેથી, બધી ખામીઓ હોવા છતાં, તમારે એ વાસ્તવિકતા સ્વીકારવી પડશે, સામાન્ય માણસને નાગરિક ન્યાય વહીવટ કરતાં આ ફોજદારી ન્યાય પ્રણાલીમાં વધુ વિશ્વાસ છે.

# કાશ્મીર હુમલાની અસર દેશના અન્ય પ્રવાસન સ્થળો પર પણ પડી : દેહરાદૂનમાં મોટા પ્રમાણમાં બુકિંગ રદ

(એચ.એસ.એલ),દેહરાદૂન,તા.૨૪

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે દૂન ખીણમાં પણ ગભરાટ છે. જે લોકોએ ઉનાળાના પ્રવાસ માટે કાશ્મીરની મુલાકાત લેવાની યોજના બનાવી હતી તેમણે હવે તેમની યોજનાઓ રદ કરી દીધી છે. બુધવારે દિવસભર દેહરાદૂન પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રવાસન એજન્ટોને બુકિંગ રદ



કરવાના ફોન આવતા રહ્યા છે. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર, આ પહેલી વાર છે કે લગભગ બધી ટિકિટો આ રીતે રદ કરવામાં આવી રહી છે. ટિકિટ રદ કરનારા લોકોની ટકાવારી સોની નજીક છે. ઘણા લોકો ઓનલાઈન ટિકિટ અને હોટલ રદ કરી રહ્યા છે, જ્યારે મોટી સંખ્યામાં લોકો તેમના પ્રવાસન પ્રતિનિધિઓ દ્વારા બુકિંગ રદ કરી રહ્યા છે. દૂન ટુર્સ એન્ડ ટ્રાવેલના સંચાલક સુધીર કુમાર કહે છે કે પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા હુમલા બાદ જમ્મુ અને કાશ્મીર જતા પ્રવાસીઓએ પોતાનો પ્લાન સંપૂર્ણપણે બદલી નાખ્યો છે. આવા લોકો કોઈ જોખમ લેવાના મૂડમાં નથી હોતા. બુધવારે, ૧૦૦ ટકા પૂછપરછ જમ્મુ અને કાશ્મીર, ખાસ કરીને કાશ્મીર ક્ષેત્ર માટે હોટલ અને ફ્લાઈટ બુકિંગ રદ કરવા સંબંધિત હતી.

# પહેલગામ હુમલા બાદ પાકિસ્તાન હાઈ કમિશનમાં કેક મંગાવવામાં આવી???

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૪

જમ્મુ અને કાશ્મીરના ખૂબ જ સુંદર પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના મોત બાદ દેશમાં ભારે ગુસ્સો છે. દેશમાં પાકિસ્તાન અને આતંકવાદીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ થઈ રહી છે. આ દરમિયાન, ભારતે પાકિસ્તાન સાથે રાજદ્વારી સંબંધોમાં નોંધપાત્ર ઘટાડો કરવાની જાહેરાત કરી છે. દિલ્હી સ્થિત પાકિસ્તાન હાઈ કમિશનમાં કેકનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. જોકે, આ કેક શા માટે અને




કયા કારણોસર લાવવામાં આવી તે સ્પષ્ટ નથી. શ્રીનગર અને દિલ્હીમાં થયેલા આતંકવાદી હુમલા પછી, બેઠકોનો સિલસિલો ચાલુ છે, આ દરમિયાન દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનની અંદર એક વ્યક્તિ કેક લઈને જતો જોવા મળ્યો હતો.

# દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં તીવ્ર ગરમી માટે યલો એલર્ટ, અનેક સ્થળો પર ભારે વરસાદની આગાહી

નવીદિલ્હી,તા.૨૪

હવામાન વિભાગે આગામી સાત દિવસમાં દેશના વિવિધ ભાગોમાં ગરમીનું મોજું અને ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આગામી ૨૪ કલાક દરમિયાન દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં ભારે ગરમી પડવાની શક્યતા છે. જ્યારે કેટલાક રાજ્યોમાં વાવાઝોડા અને ભારે વરસાદની શક્યતા છે.



આગામી છ દિવસમાં ઉત્તરપશ્ચિમ ભારતમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે. આગામી ત્રણ દિવસમાં મધ્ય ભારત અને ગુજરાતમાં ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે, જ્યારે પૂર્વ ભારતમાં ૪ થી ૬ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આજે પૂર્વી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, ઓડિશા, પંજાબ અને દિલ્હીમાં તીવ્ર ગરમીની અસર જોવા મળી શકે છે. ૨૫ થી ૨૭ એપ્રિલ દરમિયાન બિહાર અને ઝારખંડના ઘણા વિસ્તારોમાં રાત્રિનું તાપમાન પણ ઊંચું રહેવાની ધારણા છે.

આગામી ત્રણ દિવસ સુધી દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં હવામાન શુષ્ક રહેવાની ધારણા છે, જેમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી વધવાની ધારણા છે.

# પાકિસ્તાન સામે કડક હાથે કાર્યવાહી કરવા વિશ્વ હિન્દુ પરિષદે કરી માંગ

(એચ.એસ.એલ),નાગપુર,તા.૨૪

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં મંગળવાર, ૨૨ એપ્રિલના રોજ બનેલી ઘટના બાદ લોકોમાં ગુસ્સો છે. કેટલાક આતંકવાદીઓ પહેલગામમાં એક પર્યટન સ્થળ પર પહોંચ્યા અને ત્યાં ફરવા આવેલા લોકો પર ગોળીબાર કર્યો હતો. તેઓએ પહેલા ત્યાં મુલાકાતે આવેલા લોકોને તેમના ધર્મ વિશે પૂછ્યું




અને પછી તેમના પર ગોળીબાર કરીને તેમની હત્યા કરી દીધી. આ ઘટનામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા. આ ઘટના પછી, લોકોની એક જ માંગ છે કે ભારતે પાકિસ્તાન પાસેથી આ ઘટનાનો બદલો લેવો જોઈએ. આ માટે, વિશ્વ હિન્દુ પરિષદ અને તેના સહયોગી સંગઠનોએ નાગપુરમાં પ્રદર્શન કર્યું હતું.

વિશ્વ હિન્દુ પરિષદ, આરએસએસ અને બજરંગ દળ જેવા વિવિધ સંગઠનોના કાર્યકરોએ નાગપુરના બુડકસ ચોક ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. બધાની એક જ માંગ છે કે તમે પાકિસ્તાન સાથે એક વાર એવું કરો કે પાકિસ્તાનની ૭૦ પેઢીઓ તેને યાદ રાખે અને ભારતમાં ક્યાંય પણ આવી આતંકવાદી ઘટના કરતા પહેલા ૧૦૦ વાર વિચારે.' જેમ તમે બે વાર સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી, હવે ત્રીજી વાર તેમનો આખો નકશો નષ્ટ કરી નાખો. વિશ્વ મંચ પરથી પાકિસ્તાનનું નામ અને નિશાન ભૂંસી નાખો.

# દહેજ એક ઊંડા મૂળવાળું સામાજિક દુષણ, જે દેશના મોટા ભાગોમાં ચાલુ : સુપ્રીમ કોર્ટ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટે દહેજ ઉત્પીડનના કેસો પર ચિંતા વ્યક્ત કરી છે. દહેજ ઉત્પીડન કાયદા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે પણ આ મામલે કઠોર ટિપ્પણી કરી છે.

કોર્ટે કહ્યું કે કડવું સત્ય એ છે કે દહેજ એક ઊંડા મૂળવાળા સામાજિક દુષણ તરીકે ચાલુ રહે છે જે દેશના મોટા ભાગોમાં પ્રવર્તી રહ્યું છે. આવા મોટાભાગના કિસ્સાઓ નોંધાતા નથી, અને અસંખ્ય મહિલાઓને ચૂપચાપ અન્યાય સહન



કરવાની ફરજ પાડવામાં આવે છે. આ કલમ ૪૯૮એ જેવી કાનૂની જોગવાઈઓની સતત જરૂરિયાત પર ભાર મૂકે છે, જે સૌથી સંવેદનશીલ લોકો માટે રક્ષણ અને નિવારણના મહત્વપૂર્ણ સાધનો તરીકે સેવા આપે છે.

# પહેલગામ આતંકવાદી હુમલા પર ભૂતપૂર્વ બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકે દુઃખ વ્યકત કર્યું

(એચ.એસ.એલ),લંડન,તા.૨૪

પહેલગામમાં આતંકવાદીઓના કાયરતાપૂર્ણ કૃત્યથી સમગ્ર દેશમાં ગુસ્સો છવાઈ ગયો છે. પહેલગામ આતંકવાદી હુમલા અંગે વિશ્વભરમાંથી પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. યુનાઈટેડ કિંગડમના ભૂતપૂર્વ વડાપ્રધાન ઋષિ સુનકે આતંકવાદી હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ 'એકસ' પર લખ્યું, પહેલગામમાં થયેલા બર્બર હુમલાએ નવદંપતી, બાળકો અને સુખી



પરિવારોના જીવ લીધા છે. અમારા હૃદય તેમના માટે તૂટી ગયા છે. શોકગ્રસ્તોને જણાવો કે યુકે તેમના દુઃખ અને એકતામાં તેમની સાથે ઉભું છે. આતંકવાદ ક્યારેય જીતી શકશે નહીં. અમે ભારત સાથે ઉભા છીએ.

# અસીમ મુનીર અને પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરવામાં આવે : પૂર્વ અમેરિકન અધિકારી


(એચ.એસ.એલ),પેન્ટાગોન,તા.૨૪

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, સમગ્ર વિશ્વમાં આતંકવાદ સામે ગુસ્સો જોવા મળી રહ્યો છે. આ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આ ઘટના પહેલા પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરે કહ્યું હતું કે કાશ્મીર પાકિસ્તાનનું ગળું છે. આ સાથે, તેમણે મોહમ્મદ અલી ઝીણાના બે રાષ્ટ્રોના ખ્યાલ પર પણ ભાર મૂક્યો હતો. ત્યારબાદ બનેલી આતંકવાદી ઘટનાને અસીમ મુનીરના નિવેદન સાથે જોડવામાં આવી રહી છે. જ્યારે પેન્ટાગોનના ભૂતપૂર્વ અધિકારી અને અમેરિકન એન્ટરપ્રાઈઝ ઈન્સ્ટિટ્યૂટના સિનિયર ફેલો માઈકલ રુબિનને આ અંગે પૂછપરછ કરવામાં આવી ત્યારે તેમણે અસીમ મુનીર અને પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરવાની વાત કરી હતી. માઈકલ રુબિને કહ્યું કે અસીમ મુનીરના ભાષણથી આતંકવાદને ચોક્કસપણે લીલી ઝંડી મળી ગઈ છે. અસીમ મુનીરે કહ્યું કે કાશ્મીર ગળાની નસ છે. હવે ભારતે પાકિસ્તાનની ગરદન કાપવાની જરૂર છે.

# યુક્રેન પ્રત્યે પુતિનનું વલણ નરમ, ૩ વર્ષના યુદ્ધમાં પહેલીવાર સીધી વાતચીતની ઓફર

મોસ્કો,તા.૨૪

અમેરિકાના દબાણ હેઠળ, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન પર પોતાનું વલણ નરમ પાડ્યું છે. ત્રણ વર્ષના યુદ્ધમાં પહેલીવાર, પુતિને યુક્રેન સાથે સીધી વાતચીતની ઓફર કરી છે અને કહ્યું છે કે તેઓ યુદ્ધવિરામ માટે તૈયાર છે. માહિતી અનુસાર, યુક્રેનમાં શાંતિ સ્થાપિત કરવાની તૈયારી દર્શાવવા માટે અમેરિકાના દબાણ




હેઠળ, રશિયન રાષ્ટ્રપતિ પુતિને સોમવારે કિવ સાથે દ્વિપક્ષીય વાટાઘાટોનો પ્રસ્તાવ મૂક્યો અને કહ્યું કે તેઓ એક દિવસના ઈસ્ટર યુદ્ધવિરામ પછી યુદ્ધવિરામ લંબાવવા તૈયાર છે. પુતિને કહ્યું કે કોઈપણ શાંતિ પહેલ માટે માર્ગ ખુલ્લો છે અને કિવ પાસેથી પણ એવી જ અપેક્ષા રાખીએ છીએ. દરમિયાન, યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ પુષ્ટિ આપી કે કિવ બુધવારે અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોને મળવા માટે લંડનમાં એક પ્રતિનિધિમંડળ મોકલી રહ્યું છે. તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે પેરિસમાં એક બેઠક યોજાઈ હતી જેમાં અમેરિકા અને યુરોપિયન દેશોએ ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના માર્ગો પર ચર્ચા કરી હતી.

# આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ નદી જળ સંધિ તોડતા શાહબાઝ સરકારમાં ફફડાટ

ઈસ્લામાબાદ,તા.૨૪

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સરકારે બુધવારે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. પાકિસ્તાન સામે સૌથી મોટી કાર્યવાહી સિંધુ નદી જળ સંધિને સ્થગિત કરવાની છે. ભારતના કડક પગલા બાદ, પાકિસ્તાન સરકારે ગુરુવારે એક મોટી બેઠક પણ યોજી હતી. ભારતની કાર્યવાહીથી ગુસ્સે ભરાયેલા પાકિસ્તાની વડાપ્રધાન



શાહબાઝ શરીફે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક યોજી અને કહ્યું કે ભારત દ્વારા પાણી રોકવાને યુદ્ધ ગણવામાં આવશે. પાકિસ્તાન સરકારની એનએસસી બેઠકમાં ટોચના નાગરિક અને લશ્કરી નેતૃત્વએ હાજરી આપી હતી અને ભારત દ્વારા લેવામાં આવેલી કાર્યવાહીની ચર્ચા કરવામાં આવી હતી. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે પાણી ૨૪ કરોડ લોકોની જીવનરેખા છે. આને યુદ્ધની જેમ ગણવામાં આવશે. પાણી રોકવાનો નિર્ણય ભારતનો એકપક્ષીય છે. પાકિસ્તાન આ વાતનો ઈનકાર કરે છે.

રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક શાહબાઝ શરીફની અધ્યક્ષતામાં ઈસ્લામાબાદમાં યોજાઈ હતી. આ બેઠકમાં પાકિસ્તાનના ત્રણેય સેના પ્રમુખો, મહત્વપૂર્ણ મંત્રીઓ, ટોચના નાગરિક અને લશ્કરી અધિકારીઓ હાજર રહ્યા હતા. પાકિસ્તાની મીડિયા અનુસાર, પાકિસ્તાન સરકારે કહ્યું છે કે જો ભારત પાકિસ્તાનના ભાગનું પાણી રોકવાનો અથવા વાળવાનો પ્રયાસ કરશે તો તેને યુદ્ધ ગણવામાં આવશે.

**હિન્દુ સંગઠનો દ્વારા વિશાળ રેલી યોજાઇ, રાજકમલ ચોકમાં હનુમાન ચાલીસાના પાઠ કરાયા**

# પહેલગામના આતંકી હુમલા સામે અમરેલીમાં પ્રચંડ જનઆક્રોશ







અમરેલી,તા.૨૪

કાશ્મીરના પહેલગામમાં નિર્દોષ હિન્દુઓના નામ પૂછીને મોતને ઘાટ ઉતારનાર આતંકીઓ સામે અમરેલી શહેરમાં પ્રચંડ જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. હિન્દુ સંગઠનો દ્વારા સિનિયર સિટીઝન પાર્ક ખાતે હુમલામાં મૃત્યુ પામેલા નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી અને ત્યારબાદ રેલી સ્વરૂપે રાજકમલ ચોક ખાતે લોકો પહોંચ્યા હતા જ્યાં વિશાળ જનમેદનીએ હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા. મોટી સંખ્યામાં હાજર બહેનોએ પણ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને નિર્દોષ લોકોના હત્યારાઓ સામે કડક હાથે સરકાર કાર્યવાહી કરે તેવી રજૂઆતો પણ કરી હતી.

### નામ જોઈને ખરીદવા માટે હિન્દુ સંગઠનો દ્વારા કરાઈ અપીલ

પહેલગામમાં હિન્દુઓના નામ પૂછીને હુમલો કરનાર આતંકવાદીઓ વિરુદ્ધ રોષ ફાટી નીકળ્યો છે ત્યારે અમરેલી શહેરમાં પણ રાજકમલ ચોકમાં મોટી સંખ્યામાં લોકોએ હાજર રહીને આ ઘટનાને વખોડી હતી સાથે જ હિન્દુઓને નામ જોઈને ખરીદી કરવાની પણ અપીલ કરવામાં આવી હતી. જે રીતે મુસ્લિમ આતંકીઓએ નામ જોઈને હિન્દુઓને મોતને ઘાટ ઉતાર્યા છે એ જ રીતે લોકોએ ખરીદી કરતી વખતે નામ જોઈને ખરીદી કરવી તેવી અપીલ પણ વિશ્વ હિન્દુ પરિષદ અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવી છે.

## ગુજરાત હાઈકોર્ટે વલસાડની સગીરાને ૨૬ અઠવાડિયાના ગર્ભપાતની મંજૂરી આપી

વલસાડ,તા.૨૪

ગુજરાત હાઈકોર્ટે વલસાડની ૧૪ વર્ષની સગીરાને પાડોશી દ્વારા કરાયેલા દુષ્કર્મમાં ૨૬ અઠવાડિયાના ગર્ભપાતની મંજૂરી આપી હતી. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એમેન્ડમેન્ટ બિલની જોગવાઈ મુજબ ૨૪ અઠવાડિયા સુધીના ગર્ભાવસ્થાના ગર્ભપાતને મંજૂરી છે. જસ્ટિસ જે.સી. દોશીએ ૨૬ અઠવાડિયાના ગર્ભને ચોક્કસ પરિસ્થિતિને આધારે સગીરાના ગર્ભપાતને મંજૂરી આપતો મહત્વનો ચુકાદો આપ્યો હતો. સગીરાની શારીરિક અને માનસિક અવસ્થા સારી ન હોઈ તેમજ બાળકના જન્મ અંગે જરૂરી જ્ઞાનનાં અભાવે મનોચિકિત્સક, સ્ત્રી રોગના નિષ્ણાતના રિપોર્ટના આધારે તેમજ સગીરા દ્વારા કરાયેલ રીટ પિટિશનનાં આધાર પર ચુકાદો આપ્યો હતો. સગીરા આદિવાસી વિસ્તારમાંથી આવતી હોવાથી, તેમજ બાળકને જન્મ આપવા માંગતી ન હોવાના કારણો પણ ધ્યાનમાં લેવાયા હતા.

## ભાવનગર ખાતે પિતા-પુત્રની અંતિમયાત્રામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પરિવારને સાંત્વના પાઠવી

ભાવનગર,તા.૨૪


મંગળવારે જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ત્રણ ગુજરાતીઓના મોત થયા હતા. જેમાં ગોળીબારમાં ભાવનગરના પિતા-પુત્ર સ્મિત અને યતીશભાઈ પરમારનું મોત થયું હતું. ગુરૂવારે મૃતક સ્મિત અને યતીશભાઈની એકસાથે અંતિમયાત્રા નીકળતા આખા શહેરના લોકો શોકમાં ડૂબી ગયા હતા. અંતિમયાત્રામાં



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાયા હતા. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે, જમ્મુ કાશ્મીરનાં અનંતનાગ જિલ્લાના પહેલગામ ખાતે થયેલા આતંકવાદી હુમલાના ભોગ બનેલા ત્રણ ગુજરાતી પ્રવાસીઓના મૃતદેહને ગુરૂવારે શ્રીનગરથી વિમાન માર્ગે ગુજરાત પરત લાવવા માટેની તમામ વ્યવસ્થા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત દિશાનિર્દેશનમાં રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા કરવામાં આવી છે. ભાવનગરના બે મૃતકોને અમદાવાદ સુધી હવાઈ માર્ગે અને ત્યાંથી પાઈલોટિંગ સાથે ભાવનગર સુધી લઈ જવાયા હતા. આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત દિશા-નિર્દેશનમાં જરૂરી તમામ વ્યવસ્થા ગુજરાત વહીવટી તંત્રએ કાશ્મીર વહીવટી તંત્ર સાથે સંપર્કમાં રહીને કરી છે.

## પોરબંદરની ખાડી વિસ્તારનું પાણી એકાએક ગુલાબી થતાં માછીમારોમાં આશ્ચર્ય ફેલાયું

પોરબંદર,તા.૨૪



પોરબંદરની ખાડીથી લઈ બંદર અને અસ્માવતી ઘાટ તથા સમુદ્ર સુધીના વિસ્તારમાં આવેલી ખાડીના પાણીનો રંગ એકાએક ગુલાબી થઈ જતા આશ્ચર્ય સર્જાયું છે. તો બીજી તરફ પાણીનો રંગ બદલાતા માછીમારો ચિંતિત છે. પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા પાણીના નમૂના લઈ પરીક્ષણ અર્થે લેબમાં મોકલવામાં આવે તેવી માંગ ઉઠી છે. પોરબંદરની ખાડીથી લઈ બંદર અને અસ્માવતી ઘાટ સહિત સમુદ્ર વિસ્તારમાં આવેલ ખાડીના પાણીનો રંગ એકાએક ગુલાબી થયો છે જેના કારણે સમગ્ર ખાડી ગુલાબી રંગે રંગાઈ હોય તેવું દ્રશ્ય નજરે ચડે છે. દૂરથી આ દ્રશ્ય બહુ આશ્ચર્યજનક અને સુંદર લાગે છે. પરંતુ ૨ દિવસ પહેલા સુધી સામાન્ય રંગનું પાણી અચાનક ગુલાબી થઈ જતાં માછીમારો માટે ચિંતા ઊભી થઈ છે.

## એપ્રિલના અંતમાં ભારે આંધી વંટોળ સાથે કેટલાક ભાગમાં વરસાદ થવાની શક્યતા : અંબાલાલ પટેલ

અમદાવાદ,તા.૨૪

રાજ્યમાં કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગુજરાતમાં હાલ પશ્ચિમ- ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારો સહિત આખા ગુજરાતમાં ગરમી વધવાની આગાહી હવામાન વિભાગે આપી છે. તેમણે જણાવ્યું છે કે, હાલ સાત દિવસ સુધી ગરમી વધશે અને કેટલાક વિસ્તારોમાં તો ૪૫ ડિગ્રી તાપમાન જવાની શક્યતા છે. ત્યારે ગુજરાતના જાણીતા આગાહીકાર અંબાલાલ પટેલે તાપમાન, ભારે વાવાઝોડા અને વરસાદ અંગે આગાહી કરી છે તે જોઈએ. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, "હવે ધીરે ધીરે પ્રી મોન્સુન એક્ટિવિટી શરૂ થશે. ધૂળની ડમરીઓ સાથે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાં આંધી પણ આવશે.

**પહેલગામમાં ૨૭ નિર્દોષ લોકોની હત્યા બાદ લોકોમાં આક્રોશ**

## 'ધર્મ પૂછીને સામાન ખરીદો, આ હિન્દુની દુકાન છે' મોરબીની દુકાનોમાં સ્ટીકર લાગ્યા

મોરબી,તા.૨૪

કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા નિર્દોષ લોકોની, ખાસ કરીને ધર્મ પૂછીને કરાયેલ હત્યાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને લઈને હિન્દુ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનો અને જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યા છે. મોરબીમાં વિશ્વ હિન્દુ પરિષદ પણ આ મામલે સક્રિય બની છે અને આતંકવાદીઓની ધાર્મિક ભેદભાવવાળી માનસિકતા સામે પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. મોરબી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શહેરની મુખ્ય બજારો અને દુકાનો પર




ખાસ પ્રકારના સ્ટીકર લગાવવામાં આવ્યા છે. આ સ્ટીકરો પર "ધર્મ પૂછીને સામાન ખરીદો" તેમજ "આ હિન્દુની દુકાન છે" જેવા સ્પષ્ટ અને સીધા સંદેશા લખવામાં આવ્યા છે. આ ઉપરાંત, પહેલગામ હુમલાની હૃદયદ્રાવક તસવીરો પણ આ સ્ટીકરો પર દર્શાવવામાં આવી છે, જે ઘટનાની ભયાનકતા અને પીડિતોના દર્દને ઉજાગર કરે છે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આ સ્ટીકરો લગાવવા પાછળનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, જો આતંકવાદીઓ ધર્મ પૂછીને ગોળી મારતા હોય, તો લોકોએ પણ હવે ધર્મ પૂછીને જ સામાન

### હિન્દુ સંગઠનો દ્વારા વિવિધ પ્રદર્શનો અને જાગૃતિ અભિયાન શરૂ

ખરીદવો જોઈએ. તેમણે પાકિસ્તાન પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓ સામે આકરા શબ્દોમાં જણાવ્યું કે, જેને પણ પાકિસ્તાન સાથે પ્રેમ હોય તે પાકિસ્તાન ચાલ્યા જાય. અહીંયા હવે આવા તત્વોને એક ટકા પણ સાંખી લેવામાં નહીં આવે.






## સુરતમાં શૈલેશ કળથિયાની પત્નીના આક્રોશ સામે સી.આર.પાટીલ નીચી મૂંડીએ સાંભળતા રહ્યા

સુરત,તા.૨૪

મંગળવારે ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ત્રણ ગુજરાતીઓએ જીવ ગુમાવ્યા હતાં. તેમાં એક સુરતના શૈલેષભાઈ કળથિયા પણ હતા. તેઓ પરિવાર સાથે કાશ્મીર ફરવા ગયા હતા. ગુરુવારે તેમની અંતિમયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અંતિમયાત્રામાં પરિવારને સાંત્વના આપવા કેન્દ્રિય મંત્રી સી.આર. પાટીલ પણ પહોંચ્યા હતા. ત્યારે પોતાની સામે પતિનો જીવ જતાં



જોનાર પત્ની શિતલબેને કેન્દ્રિય મંત્રી સામે આક્રોશ ઠાલવ્યો હતો. સરકારની VIP વ્યવસ્થાથી લઈને ટેક્સ પે કરનાર સામાન્ય જનતાની કપરી પરિસ્થિતિ વર્ણવી હતી. પાટીલ આ આક્રોશ નીચું મોં રાખીને સાંભળતા રહ્યા હતા. મૃતક શૈલેષ કળથિયાની પત્ની શિતલબેને પોતાની વ્યથા ઠાલવતા પાટીલને કહ્યું કે, ત્યાં કોઈ સુવિધા નહિ, કોઈ આર્મી નહિ, કો કોઈ પોલીસ નહિ. જ્યારે મોટા-મોટા નેતા આવે કે VIP આવે ત્યારે પાછળ કેટલી ગાડીઓ, ઉપર હેલિકોપ્ટર કોનાથી ચાલે છે? ટેક્સ પે કરે છે તેનાથી જ ચાલે છે ને? VIP માટે જે સર્વિસ છે એ આ લોકો માટે કેમ નથી? તેમ કહીને રોષ વ્યકત કર્યો હતો.





